بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِیْ عِلْمًا وَّارْزُقْنِیْ فَهْمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**




**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

**૧૦, ઓક્ટોબર-૨૦૧૩, અંક-૨**

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૩ |
| કુરઆન શિક્ષણ | ૬ |
| ગડમથલ | ૮ |
| અહાદીસ | ૯ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૧ |
| નાદે અલી | ૧૩ |
| હલ્કા હુસૈન હૈ | ૨૩ |
| અલ્લાહની તસ્બીહ | ૨૫ |
| નહજુલ અસરાર | ૨૯ |
| મશાયખવાણી | ૩૧ |
| શુક્રગુઝારી | ૩૩ |
| અલ ઈર્શાદ | ૩૫ |
| ખુત્બો : હલાલ અને હરામ વિષે | ૩૭ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૧ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૩ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૫ |
| બ્લોગ | ૪૭ |
| મીર અનીસના મરસિયા | ૪૯ |
| જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| નન્હે રોઝેદાર | ૫૩ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૫ |
| આપણા ઘરની વાતો | ૫૭ |
| જાફરી પંચાંગ | ૫૯ |


# ઊઘડતે પાને...

અલ્લાહનું ઘર કા'બા બૈતુલ્લાહ.

કા'બા બૈતુલ્લાહથી થોડેક દૂર એક જગ્યા આવેલી છે. આ જગ્યાનું નામ છે 'શઅ્બે અબૂ તાલિબ'. 'શઅ્બ'નો અર્થ થાય છે ગુફા, ખોહ, પર્વતમાં આવેલી તિરાડ અથવા પર્વતોથી ઘેરાયેલી ખીણ. મક્કાના કાફિરોએ જ્યારે હઝરત અબૂ તાલિબ (અ.)ના પરિવારનો બહિષ્કાર કર્યો હતો ત્યારે હઝરત અબૂ તાલિબ (અ.)એ પોતાના કુટુંબીજનો સાથે પહાડોની વચ્ચે આવેલી આ જગ્યામાં ત્રણ વર્ષ પસાર કર્યાં હતાં તેથી આ જગ્યાને 'શઅ્બે અબૂ તાલિબ' કહેવામાં આવે છે. આવી પરિસ્થિતિ કેવી રીતે પેદા થઈ તે જાણવા

માટે ચાલો આપણે ઈતિહાસ તરફ નજર કરીએ.

બુતપરસ્ત કુરૈશના લોકો પણ પોતાના અકીદામાં એટલા બધા અટલ હતા કે તેમણે હુઝૂર (સ.)ની સાથેની પોતાની અદાવતને પોતાનું ઈમાન બનાવી દીધું હતું. તેમણે ફરીથી એક ટોળા સાથે અબૂ તાલિબનો દરવાજો ખટખટાવ્યો અને તેમને કહ્યું,

"તમે મોહંમદ (સ.)ને અમારા હવાલે કરી દો. નહીંતર તેમનો બહિષ્કાર કરી દેવામાં આવશે."

આવું કહેવાવાળાઓમાં મક્કાના તેમના કબીલાના માણસો પણ હતા, અબૂ જહલ, શૈબા, ઉત્બા, નસ્ર, આસ અને ઉકબા ઈબ્ને અબી મુઈત. અબૂ તાલિબ કોઈ સખત જવાબ આપવાનું ઈચ્છતા હતા તેમ છતાં તેમણે મસ્લેહતથી ખૂબ જ નરમીથી તે બાબતને ટાળી દીધી, પરંતુ થોડા દિવસોના વિલંબ પછી તેઓ ફરીથી આંહઝરત (સ.)ને કતલ કરવા તૈયાર થઈને આવી ગયા.

આ વખતે તો અબૂ તાલિબ (અ.)એ કહી જ દીધું કે અગર તેમની તરફથી મોહંમદને એક કાંટો પણ વાગી ગયો તો હું એ બધાયને હલાક કરી દઈશ.

આ સાંભળીને દરેક જણ ગઝબનાક થઈ ગયા. બધાએ ભેગા થઈને ઈબ્ને મુત્તલિબનો બહિષ્કાર કરવા માટે એક અહદનામું લખી નાખ્યું અને તેને કા'બામાં લટકાવી દીધું.

હઝરત અબૂ તાલિબ આંહઝરત (સ.)ની હિફાઝત માટે પોતાના ખાનદાનના લગભગ ચાલીસ માણસોને લઈને બેઅસતના સાતમા વર્ષે મોહર્રમ મહિનામાં શઅ્બની (ખીણની) અંદર ચાલ્યા ગયા કે જેના ઉપર હુમલો કરવો જો કે આસાન બાબત ન હતી. તેમ છતાંય કુરેશે થોડાક અંતર દૂરથી તે જગ્યાને ઘેરામાં લઈ લીધી.

શઅ્બમાં તેમની સાથે જે ચાલીસ માણસો નજરબંદ હતા તેમના ખાવા–પીવાની જવાબદારી અબૂ તાલિબના માથે હતી. તેમણે એક મુદત સુધી ભરણપોષણની વ્યવસ્થા કરી લીધી હતી. પરંતુ નજરબંદી લાંબા સમય સુધી ચાલતી જ રહી અને ફાકા કરવા સુધી નોબત આવી ગઈ. જો અબૂ તાલિબ બહાર નીકળે તો કુરેશની સાથે ટક્કર થવાનો ખતરો હતો. પછી તો તેઓ કોઈ વસ્તુ બહારથી અંદર લાવી પણ શકતા ન હતા કેમકે ઘેરાબંદી સખત હતી. ખીણની અંદર બની અબ્દુલ મુત્તલિબ દિવસ રાત હોંશિયાર રહેતા હતા અને શઅ્બની બહાર કુરેશ પહેરો ભરતા હતા. આવા દિવસોમાં કોઈ દોસ્ત તરફથી મદદ મળવાની કોઈ બારી મળતી ન હતી.

શઅ્બની આ આઝમાઈશ દેખીતી રીતે તો આંહઝરત (સ.)ની હતી, પરંતુ ઊંડી નજરથી જોવામાં આવે તો આ આઝમાઈશ એમની હતી કે જેમણે આંહઝરત (સ.)ની હિફાઝત કરવાનું બીડું ઝડપ્યું હતું. અબૂ તાલિબ એટલા બધા સાવધ હતા કે અલી (અ.) અને મોહંમદ (સ.)ના સૂઈ રહેવાની જગ્યા દરરોજ રાત્રે બદલી દેતા હતા. અને મોટે ભાગે તો મોહંમદ (સ.)ના બિસ્તર ઉપર અલી (અ.)ને સૂવાડી દેતા હતા તેથી જો કુરેશના લોકો હુમલો કરે તો મોહંમદ (સ.)ના બદલે અલી (અ.)ને જોવા પામે. અલી (અ.)ને કંઈ થઈ જાય તો અબૂ તાલિબને વધારે પરવા ન હતી. તેમનો આશય તો મોહંમદ (સ.)ને બચાવવાનો હતો કે જેની કોશિશ તેઓ રાત દિવસ કર્યા કરતા હતા.

આવી બધી સાવચેતીઓ છતાં પણ બની હાશિમનાં બાળકોએ ફાકાઓ ઉપર ફાકા કર્યા હતા.

પાંદડાં ઉકાળી ઉકાળીને ખાધાં, ભૂખમાં ચીસો પાડતાં રહ્યાં, પરંતુ અબૂ તાલિબે એક ક્ષણ માટે પણ કુરેશની દરખાસ્તને માની લેવાનો વિચાર સુધ્ધાં ન કર્યો. આ અબૂ તાલિબનો દ્રઢ નિશ્ચય એવો હતો કે જેનાથી દુશ્મનોમાંથી કેટલાક લોકોનાં દિલ પીગળ્યા વગર ન રહી શક્યાં. છેવટે ત્રણ વર્ષ પસાર થઈ ગયા પછી એક દિવસ હિશામ બિન અમ્ર બિન હરસે કેટલાક લોકોને કહ્યું કે હવે અબૂ તાલિબનાં બાળકોને તરફડતાં જોઈ શકાતાં નથી. અબૂ જહલ અને તેની પત્ની ઉમ્મે જમીલે તેનો વિરોધ કર્યો કે તેમને આવી જ હાલતમાં રહેવા દેવામાં આવે.

અબૂ તાલિબ દૂરથી તેમને આવી રીતે વાતો કરતા જોઈ રહ્યા હતા. તેઓ આગળ વધીને આવ્યા અને કહેવા લાગ્યા,

"તમારા અંદરોઅંદર કરેલા અહદનામાને તો ઉધઈ ખાઈ ગઈ છે હવે તેના ઉપર માત્ર અલ્લાહ અને મોહંમદુર્રસૂલુલ્લાહનાં નામ રહી ગયાં છે."

અબૂ જહલે તે વાતનું ખંડન કર્યું તો અબૂ તાલિબે કહ્યું,

"મને મારા ભત્રીજાએ ખબર આપી છે કે જે કદી ખોટી હોઈ શકે નહીં."

તેનું સમર્થન કરવા માટે કા'બામાંથી કરારનામાને મંગાવીને જોયું તો ખરેખર તેમાં પરસ્પરના કરારનો એક શબ્દ પણ બાકી રહ્યો ન હતો. હિશામ, ઝમ્આ, મુત્અમ અને ઝુબૈરે અહદનામાને ફાડી નાખ્યું. આવી રીતે જુલ્મનો સમયગાળો સમાપ્ત થઈ ગયો. અને શઅ્બે અબૂ તાલિબનો ઘેરો તોડી નાખવામાં આવ્યો, પરંતુ કુરેશ પોતાની કુટેવને છોડી નહીં તેઓ જુદી જુદી રીતે હુઝૂર (સ.)ને પરેશાન કરતા રહ્યા.

બેઅસતના નવમા વર્ષે અબૂ જહલ કેટલાક યહૂદીઓને લઈને આવ્યો અને આંહઝરત (સ.)ને કહ્યું,

"તમે નબુવ્વતના દાવેદાર હો તો કોઈ મોઅજિઝો બતાવો અને ચાંદના બે ટુકડા કરી દો."

ચૌદમી તારીખ (પૂનમ) હતી.

આસમાનમાં આખો ચાંદ ચમકી રહ્યો હતો. આંહઝરત (સ.)એ પોતાની આંગળીને ચાંદ તરફ ઉઠાવીને તેના ઉપર એક ઈશારો કર્યો. તરત જ ચાંદના બે ટુકડા થઈ ગયા અને અલગ અલગ થઈ ગયા. પછી આપસમાં મળી ગયા, પરંતુ બદ એતિકાદવાળા અબૂ જહલના દિલ ઉપર કોઈ અસર ન થઈ. તે તો પહેલાંની માફક એવોને એવો જ રહ્યો.

(સંદર્ભ : 'હમારે અકાઈદ, હમારી તારીખ', પેજ નં.૭૪ થી ૭૬)


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨



# કુરઆન શિક્ષણ

**અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદે.)**

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَ مَا کُنۡتَ تَتۡلُوۡا مِنۡ قَبۡلِہٖ مِنۡ کِتٰبٍ وَّ لَا تَخُطُّہٗ بِیَمِیۡنِکَ اِذًا لَّارۡتَابَ الۡمُبۡطِلُوۡنَ ﴿۴۸﴾

✪ જો કે આ કિતાબ ઉતારવા પહેલાં તું ન કોઈ કિતાબ વાંચતો હતો અને ન તારા જમણા હાથથી કાંઈ લખતો હતો, જો એમ હોત તો આ અસત્યવાદીઓ તારા (નબુવ્વતના) સંબંધમાં જરૂર શંકા કરત.

**(પારો–૨૧, સૂરએ અન્કબૂત, આયત–૪૮)**

---

وَ جَعَلۡنَا مِنۡہُمۡ اَئِمَّۃً یَّہۡدُوۡنَ بِاَمۡرِنَا لَمَّا صَبَرُوۡا ؕ۟ وَ کَانُوۡا بِاٰیٰتِنَا یُوۡقِنُوۡنَ ﴿۲۴﴾

✪ અને જ્યારે તેમણે ધીરજ તથા અમારી આયતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો ત્યારે અમોએ તેઓમાંથી એવા ઈમામ (આગેવાન) બનાવ્યા કે જે અમારી આજ્ઞા પ્રમાણે હિદાયત કરતા હતા.

**(પારો–૨૧, સૂરએ સજ્દા, આયત–૨૪)**

---

اَلنَّبِیُّ اَوۡلٰی بِالۡمُؤۡمِنِیۡنَ مِنۡ اَنۡفُسِہِمۡ وَ اَزۡوَاجُہٗۤ اُمَّہٰتُہُمۡ ؕ وَ اُولُوا الۡاَرۡحَامِ بَعۡضُہُمۡ اَوۡلٰی بِبَعۡضٍ فِیۡ کِتٰبِ اللّٰہِ مِنَ الۡمُؤۡمِنِیۡنَ وَ الۡمُہٰجِرِیۡنَ اِلَّاۤ اَنۡ تَفۡعَلُوۡۤا اِلٰۤی اَوۡلِیٰٓئِکُمۡ مَّعۡرُوۡفًا ؕ کَانَ ذٰلِکَ فِی الۡکِتٰبِ مَسۡطُوۡرًا ﴿۶﴾

✪ નબી મોમિનોની જિંદગીઓનો તેમના કરતાં વધારે અધિકાર ધરાવનારો છે અને તેની પત્નીઓ તેઓ(મોમિનો)ની માતાઓ છે; અને મોમિનો તથા મુહાજિરીન કરતાં સગાંવહાલાં અલ્લાહના લખ્યા મુજબ (વારસાનાં) એકબીજા ઉપર વધારે હકદાર છે, સિવાય કે તમે તમારા મિત્રો સાથે કાંઈ ભલાઈ કરવા ચાહો (તો તે એક બીજી વાત છે); કિતાબમાં લખેલી આજ્ઞા આ જ છે.

**(પારો–૨૧, સૂરએ અહ્ઝાબ, આયત–૬)**

وَ قَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَ لَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَ اَقِمْنَ الصَّلٰوةَ وَ اٰتِيْنَ الزَّكٰوةَ وَ اَطِعْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ ... ﴿٣٣﴾

✪ અને તમારા ઘરોમાં (સ્વમાન સાથે) બેસી રહો અને પ્રાચીન અજ્ઞાનતાના સમય જેવો બનાવ શણગાર કરીને બહાર નીકળો નહીં અને નિયમિત નમાઝ પઢો તથા ઝકાત આપો, અને અલ્લાહ તથા તેના રસૂલની ફરમાબરદારી કરતા રહો...

**(પારો–૨૨, સૂરએ અહ્ઝાબ, આયત–૩૩)**

---

وَاِذْ تَقُوْلُ لِلَّذِيْٓ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ اَمْسِكْ عَلَيْكَ زَوْجَكَ وَ اتَّقِ اللّٰهَ وَ تُخْفِيْ فِيْ نَفْسِكَ مَا اللّٰهُ مُبْدِيْهِ وَ تَخْشَى النَّاسَ ۚ وَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشٰهُ ۗ فَلَمَّا قَضٰى زَيْدٌ مِّنْهَا وَطَرًا زَوَّجْنٰكَهَا لِكَيْ لَا يَكُوْنَ عَلَى الْمُؤْمِنِيْنَ حَرَجٌ فِيْٓ اَزْوَاجِ اَدْعِيَآئِهِمْ اِذَا قَضَوْا مِنْهُنَّ وَطَرًا ۗ وَ كَانَ اَمْرُ اللّٰهِ مَفْعُوْلًا ﴿٣٧﴾


✪ અને હે રસૂલ ! જે વેળા તું તે (ઝૈદ) ને કે જેના ઉપર અલ્લાહે ઉપકાર કર્યો હતો અને તેં પણ ઉપકાર કર્યો હતો, આવું કહી રહ્યો હતો કે તું તારી પત્ની (ઝૈનબ)ને તારી પાસે રહેવા દે અને અલ્લાહથી ડર; અને તું તારા મનમાં તે વાત સંતાડી રહેલો હતો કે જે અલ્લાહ જાહેર કરનાર હતો અને તું લોકોથી બીતો હતો, જો કે અલ્લાહ આ વાતનો વધુ હકદાર છે કે તું તેનાથી જ બીએ; પછી જ્યારે ઝૈદે તે (ઝૈનબ)ની સાથેનો હિતસંબંધ છોડી દીધો (અર્થાત્ તલાક આપી દીધી) ત્યારે અમોએ તે સ્ત્રીના એ હેતુસર તારી સાથે નિકાહ કરી લીધા કે મોમિનો માટે તેમની પાલક ઓલાદની પત્નીઓના સંબંધમાં જ્યારે કે તેઓ પોતાનો હિતસંબંધ તેમના (મરદો)થી છોડી દે, તે બાદ નિકાહ કરવા માટે કાંઈ અટકાયત ન રહે અને અલ્લાહનો હુકમ પૂરો થઈને જ રહે. **(પારો–૨૨, સૂરએ અહ્ઝાબ, આયત–૩૭)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામું** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ (માસિક), આરઝૂ કોમ્પ્લેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭




**૨૫૪**

**સંપાદન :** મો.હસનઅબ્બાસ એમ. સલેમા (હરિપુરા)
મો.આબિદઅલી એમ. આગલોડીયા (પીંપોદર)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) રાત, રાત્રી (૨)
(૩) ખિદમત કરનાર, સેવક (૩)
(૫) સભ્યતા, શિષ્ટાચાર, સાહિત્ય (૩)
(૭) કુરબાન, ન્યોછાવર, ફિદા (૩)
(૮) કુરઆનના એક સૂરાનું નામ કે જેનો અર્થ ધુમાડો થાય છે. (૩)
(૯) તાવ (૩)
(૧૦) દોસ્ત, મનગમતું, પ્રિય (૩)
(૧૧) તાજું દોહેલું દૂધ (અરબી) (૩)
(૧૪) પ્રગટ, જાહેર (૩)
(૧૬) નમાઝ પહેલાં તે પોકારાય (૩)
(૧૮) યુવાની, યૌવન (૩)
(૧૯) સારા કાર્યનો બદલો, સત્કર્મફળ (૩)
(૨૦) અહલેબૈતના એક ફિદાઈ ........ ખિઝાઈ (૩)
(૨૨) વિવેક, વિવેકબુધ્ધિ, પરખ, સભ્યતા (૩)
(૨૩) કાયા, શરીર, દેહ (૩)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૨) સખાવતનો દરિયો (૫)
(૪) કૃપા, મહેરબાની (૩)
(૫) અલ્લાહનો સિંહ, મૌલા અલીનો ઈલ્કાબ (૫)
(૬) દુર્ભાગ્યશાળી, કમનસીબ (૫)
(૭) દૃષ્ટિ, નજર (૩)
(૧૨) ઘસરકો, ઘા, ઝખમનું ઉર્દૂ (૩)
(૧૩) તરબોળ (૫)
(૧૫) ઘોડાનું પેગડું (૩)
(૧૬) વિનંતી, ફરિયાદ (૩)
(૧૭) વફાતે રસૂલ (સ.) પછી મૌલા અલી (અ.) દ્વારા લડવામાં આવેલ એક જંગ (૫)
(૧૯) નમાઝ માટેનો અરબી શબ્દ (૩)
(૨૧) જગ્યા, જાનનું સંક્ષિપ્તરૂપ (૧)

**ડીવાઈન ગ્રેસ ગ્રીન ફાર્મીંગ એન્ડ માર્કેટીંગ મલ્ટિસ્ટેટ કો.ઓ.સો.લિ.**

ઓફિસ : ૮/૧૦/૩બી, નવજીવન હોટલની બાજુમાં, કાકોશી ચાર રસ્તા, સિધ્ધપુર–૩૮૪૧૫૧.
ફોન : ૦૨૭૬૭–૨૨૬૮૭૦

**જોઇએ છે.**

B.Com. અને એકાઉન્ટના જાણકાર – ૨
ફોટા સાથે પોતાનો બાયોડેટા ૭ દિવસમાં ઓફિસના સરનામે મોકલી આપવા વિનંતી.



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૨૫ રોઝા વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ كُتِبَ عَلَيْكُمُ

ٱلصِّيَامُ كَمَا كُتِبَ عَلَى ٱلَّذِينَ مِن

قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿١٨٣﴾

*(હે ઈમાન લાવનારાઓ ! રોઝા રાખવા જે રીતે તમારા પહેલાંના લોકો પર ફરજ કરવામાં આવ્યા હતા તેવી જ રીતે તમારા ઉપર ફરજ કરવામાં આવ્યા છે કે જેથી તમે તેના કારણે ઘણા ખરા ગુનાઓથી બચો.)*

(સૂરએ બકરા, આયત–૧૮૩)

(ગતાંકનું ચાલુ)

(૩૮૫) સહરી અવશ્ય કરો કે જેથી રોઝો રાખી શકાય અને બપોરના સમયમાં ઊંઘ લઈ લો કે જેથી રાત્રે જાગી શકાય.

*(વાફી, જિલ્દ-૨, કિતાબુસ્સિયામ, બાબ ફઝલુલ મુસ્તુદસ, સફા-૩)*

(૩૮૬) રોઝાદાર માટે બે ખુશાલીઓ છે એક ઈફતારીના સમયની અને બીજી એ દિવસે કે જ્યારે અલ્લાહથી મુલાકાત કરે.

*(વસાએલુશ્શીઆ, કિતાબુસ્સૌમ)*

(૩૮૭) જન્નતમાં એક દરવાજો છે કે જેને "રિઆન" કહેવામાં આવે છે કે જેમાંથી ફક્ત રોઝાદાર જ દાખલ થઈ શકશે.

*(વસાએલુશ્શીઆ, કિતાબુસ્સૌમ)*

(૩૮૮) જે મોમિન અલ્લાહની ખાતર માહે રમઝાનનો રોઝો રાખે તેને અલ્લાહ સાત ગુણો આપે છે : (૧) તેના શરીરમાં હરામથી જે પોષણ મળેલું હતું તેને ઓગાળી નાખે છે. (૨) તેને પોતાની રહેમતની નજીક કરે છે. (૩) તે રોઝાને આદમ (અ.)ના તર્કે ઉલાનો કફ્ફારો ગણે છે. (૪) મરણ પથારીએ તેના માટે આસાની કરે છે. (૫) કયામતના દિવસની ભૂખ અને તરસથી તેને મુક્તિ આપે છે. (૬) અલ્લાહ તેને જન્નતની પાક ચીજો ખાવા આપશે. (૭) અલ્લાહ તેને જહન્નમની આગથી મુક્તિ આપશે.

*(ખિસાલ સદૂક, બાબ સબા, હદીસ-૧૪)*

(૩૮૯) દરેક વસ્તુની એક ઝકાત છે અને શરીરની ઝકાત રોઝો છે.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૩૫૦)*

(૩૯૦) જ્યારે તમે રોઝો રાખો તો તમારા કાનનો અને આંખોનો પણ રોઝો રાખો, તમારા રોઝાનો દિવસ સામાન્ય દિવસો જેવો ન હોવો જોઈએ.

*(જામેઅ અલ-અખબાર, સફા-૯૪)*

(૩૯૧) (જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીને ફરમાવ્યું,) હે જાબિર ! જે કોઈ માહે રમઝાનના દિવસોમાં રોઝા રાખે અને રાતોની ઈબાદતો માટે જાગતો રહે અને તેની ઈન્દ્રિયોને હરામથી બચાવી રાખે અને પોતાની જીભને કાબૂમાં રાખે તો તે ગુનાઓથી એવી રીતે દૂર થઈ જશે કે જેવી રીતે આ મહિનો તેનાથી અલગ થઈ જશે. આ સાંભળીને જાબિરે કહ્યું, યા રસૂલલ્લાહ (સ.) ! આ વાત કેટલી સરસ છે. આપે ફરમાવ્યું, જાબિર ! શું તમે જોતા નથી કે શરતો કેટલી ભારે છે ?

*(જામેઅ અલ-અખબાર, સફા-૯૪)*

(૩૯૨) શાબાન મારો મહિનો છે અને માહે રમઝાન અલ્લાહનો છે તેથી જે બંદો મારા મહિનામાંથી એક રોઝો રાખશે કયામતના દિવસે હું તેની શફાઅત કરીશ અને જે માહે રમઝાનમાં રોઝા રાખશે તેને આગથી આઝાદ કરવામાં આવશે.

*(અમાલી સદૂક, મજલિસ-૯૧, હદીસ-૫)*

(૩૯૩) માહે રમઝાનમાં મારી ઉમ્મતને પાંચ વસ્તુઓ એનાયત કરવામાં આવી છે કે જે મારા પહેલાં કોઈ પણ નબીની ઉમ્મતને આપવામાં આવી નથી : (૧) જ્યારે માહે રમઝાનની પહેલી તારીખ થાય છે ત્યારે અલ્લાહ મારી ઉમ્મતને રહેમતની નજરથી જુએ છે અને તે જેને એક વાર પણ રહેમતની નજરથી જુએ છે તો તેના પર અઝાબ નથી કરતો. (૨) જ્યારે ઈફતારીનો વખત થાય છે ત્યારે તેમના મોઢાની વાસ અલ્લાહની નજીક મુશ્કની સુગંધથી પણ વધારે પવિત્ર ગણવામાં આવી છે. (૩) ફરિશ્તાઓ રાતદિવસ તેમની મગ્ફેરત માટે દુઆ કરે છે. (૪) અલ્લાહ જન્નતને હુકમ આપે છે કે તું મારા બંદા માટે મગ્ફેરતની દુઆ કર અને પોતાની જાતને તેમના માટે શણગારી લે, નજીકમાં જ તેમનાથી દુનિયાનાં દુ:ખો દૂર થઈ જાય અને તે લોકો મારી જન્નતમાં દાખલ થાય. (૫) માહે રમઝાનની આખરી રાત્રે તેમના બધા ગુના માફ કરવામાં આવે છે. એક વ્યક્તિ એ અરજ કરી કે હે રસૂલલ્લાહ ! શબે કદ્રની રાતમાં ? આપે ફરમાવ્યું, "શું તમે કામ કરનારાઓને જોતા નથી કે જેઓ કામ પૂરું થતાંની સાથે જ પૂરેપૂરું મહેનતાણું મેળવી લે છે ?

*(ખિસાલ સદૂક, બાબ-૫, હદીસ-૯૧)*


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**

**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- → **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- → **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- → **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- → **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- → **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- → **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

::::: અનુવાદક :::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## તારાઓ વિષે જાબિરના પ્રશ્નો

(ગતાંકનું ચાલુ)

જો અલ્લાહ તઆલા હજાર વર્ષ અથવા દસ હજાર વર્ષ પછી આપણને સજીવન કરે તો પણ આપણે ઊંઘમાંથી જાગી ગયા પછી એવું જ વિચારીશું કે આપણે એક ક્ષણ માટે સૂઈ ગયા હતા કારણ કે મોતની અવસ્થામાં આપણે સમય વિતવાનો અનુભવ નહીં કરીએ. આ આધારે તમારી આ આપત્તિ (વાંધો) યોગ્ય છે કે જે આ બાબત ઉપર આધારિત છે કે અલ્લાહ તઆલાએ કામ કરવાનું છોડી દીધું છે તો જ્યાં સુધી તે રહેશે ત્યાં સુધી કામ વગરનો રહેશે. જે કંઈ તમારી અને મારી દૃષ્ટિમાં લાખો વર્ષનો જમાનો છે - આ હું એટલા માટે કહી રહ્યો છું કે સંખ્યા આપવી જરૂરી છે નહીંતર અઝલ અને અબદ વચ્ચેના અંતરનું અનુમાન લગાવી શકાય જ નહીં - તે જમાનો અલ્લાહ તઆલા માટે એક ક્ષણ છે અને તે ક્ષણમાં પણ અલ્લાહ તઆલા કાર્યરત અને તત્પર છે.

એક એવું અસ્તિત્વ કે જે અઝલી અને અબદી હોય તેના માટે કામ કરવું એ આપણા ઉપર સ્પષ્ટ નથી. આપણા જીવનમાં આપણે પોતાની રૂહાની અથવા ભૌતિક જરૂરિયાતને ધ્યાનમાં લઈને કામ કરીએ છીએ. માનવજાતને પોતાના ખર્ચ પૂરા કરવા માટે કામ કરવું પડે છે અને જો તે માટે કામ કરવાની જરૂર ન હોય તો રૂહાની જરૂરિયાતના કારણે ઈલ્મ હાંસિલ કરવા માટે કામ કરવું પડે છે અને માણસને ખબર છે કે જો તે સદંતર બેકાર થઈ જશે તો એટલો બધો કંટાળી જશે કે તેના માટે જીવન વિતાવવું મુશ્કેલ બની જશે. આ જ ભયના કારણે માલદાર લોકો શિકાર કરવા ચાલ્યા જાય છે કારણ કે તેમની બેકારી તેમને જીવનથી એટલો બધો કંટાળો અપાવી શકે છે કે તેમની અંદર જીવન જીવવાની ઈચ્છા જ ના રહે.

પરંતુ એ લોકો કે જેઓ રોજી કમાવા માટે મહેનત કરે છે અથવા તો ઈલ્મ પ્રાપ્ત કરવા માટે મહેનત કરે છે તે કદીય બેકાર રહેતા નથી. કાઈનાતનો સર્જક અઝલી અને અબદી, દાના અને કાદિરે મુત્લક છે એટલે તેને આવી રીતે કામ કરવાની કોઈ જરૂર નથી. જો કોઈ એમ કહે કે અલ્લાહ તઆલાને કોઈ વસ્તુની જરૂર છે તો આવું કહેવું કુફ્ર છે અને જો ક્યારેક (મઆઝલ્લાહ) અલ્લાહને કોઈ વસ્તુની જરૂર હોય તો તે ખુદા નથી અને પછી જે વસ્તુની તેને જરૂર હશે તે વસ્તુ ખુદાની જગ્યા લઈને પોતે ખુદા બની જશે, માટે અય જાબિર! જ્યારે આપણે અલ્લાહ તઆલાની કામ કરવાની વાત કરીએ તો આપણે તેને બુધ્ધિની હદોમાં સીમિત કરી દઈએ છીએ અને બુધ્ધિ વડે તેના વિશે વિચાર વ્યક્ત કરીએ છીએ. અલ્લાહ તઆલાનું કામ કરવું આપણા કામ કરવા જેવું નથી.

અલ્લાહ દાના અને કાદિરે મુત્લક અને અઝલી અને અબદી છે, માટે તેનું કામ કરવું આપણા જેવું નથી કારણ કે આપણાં બધાં કાર્યો જે પણ સ્વરૂપમાં હોય તે આપણી જરૂરિયાતના કારણે હોય છે અને આપણું કોઈ પણ કામ એવું નથી કે જે ભૌતિક કે રૂહાની જરૂરિયાત પર આધારિત ન હોય. આપણી બુધ્ધિ આ વાતને સમજી શકતી નથી કે અલ્લાહ તઆલાનાં કાર્યો કેવા પ્રકારનાં છે. એટલે આપણે પોતાની મેળે એમ સમજી લઈએ છીએ કે તેનાં કાર્યો આપણા કાર્યો જેવાં છે.

માણસ જો કામ પૂરૂ કરીને લાંબા સમય સુધી બેકાર રહેશે તો બીમાર થઈ જશે એટલે તમે આવું માની રહ્યા છો કે અલ્લાહ તઆલાએ બધાં કામ કરી નાખ્યાં છે માટે તે હવે બેકાર બેસી રહીને બીમાર થઈ જશે.

જાબિરે કહ્યું, શું આપણે મોત પછી અલ્લાહ તઆલાને આજના કરતાં વધારે સારી રીતે ઓળખી શકીશું ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મને આમાં કોઈ શંકા નથી કે મોત પછી માણસ જ્યારે સજીવન થશે ત્યારે આજના કરતાં વધારે સંપૂર્ણ માણસ બની ચૂક્યો હશે કારણ કે મેં કહ્યું છે તેમ અલ્લાહ તઆલા અઝમતવાળો અને કરમ કરનારો છે માટે તે માનવજાતને એટલા માટે મારતો નથી કે તેના જીવનને વધારે ખરાબ બનાવી દે, પરંતુ મોત માનવજાતની સંપૂર્ણતાના તબક્કાઓમાંથી એક તબક્કો છે અને વધુને વધુ ઊંચાઈઓ સુધી પહોંચવાનું એક માધ્યમ છે. જાબિરે પૂછ્યું, શું મોત પછી આપણે અલ્લાહને જોઈ શકીશું ? મને ખબર છે કે મૂસા (અ.)એ કોહે તૂર ઉપર અલ્લાહ તઆલા સામે ઈચ્છા વ્યક્ત કરી કે તેને જુએ અને અલ્લાહ તઆલાએ તેના જવાબમાં ફરમાવ્યું કે અય મૂસા ! તું મને નહીં જોઈ શકે (લન તરાની). પરંતુ આપણે મુસલમાન છીએ અને આપણને બીજી કોમો ઉપર ફઝીલત પ્રાપ્ત છે. શું એ ફઝીલત પ્રાપ્ત હોવા છતાંય આપણે અલ્લાહ તઆલાને નહીં જોઈ શકીએ ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! આપણે મુસલમાન છીએ તેમ છતાંય મોત પછી આપણે અલ્લાહને નહીં જોઈ શકીએ કારણ કે અલ્લાહનું શરીર નથી કે આપણે તેને જોઈ શકીએ. આપણી આંખો એવી વસ્તુને જોઈ શકતી નથી કે જેનું શરીર ન હોય અને તેના શરીર ઉપર પ્રકાશ પડતો ન હોય.

આપણી આંખો અંધારામાં પણ કોઈ વસ્તુ જોઈ શકતી નથી તો પછી તમે કઈ રીતે આશા રાખી શકો કે તમે આ આંખો વડે અલ્લાહ તઆલાને જોઈ લેશો કે જેનું શરીર નથી ? પરંતુ જો અલ્લાહ તઆલાને જોવાનો અર્થ દિલની આંખોથી જોવું એવો હોય એટલે કે અલ્લાહની માઅરેફત ધરાવવી હોય તો આવી રીતે તમે મોત પહેલાં તેને દુનિયામાં જોઈ શકો છો.

જાબિરે કહ્યું, હું એ જાણવા માગું છું કે અલ્લાહ તઆલા શા માટે પોતાને તેની મખ્લૂકને દેખાડવા નથી માગતો ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, આ તેની ઈચ્છા છે અને આપણને તે વિશે વિચાર વ્યક્ત કરવાનો કોઈ અધિકાર નથી કે ન તો એ અધિકાર છે કે આપણે કહીએ કે અલ્લાહ તઆલા શા માટે પોતાને તેની મખ્લૂકને દેખાડતો નથી ? પરંતુ આપણે અલ્લાહને જોઈ શકતા નથી માટે આપણા મનમાં તેને જોવાની ઘણી ઈચ્છા હોય છે. જાબિરે કહ્યું, હું આપની વાતને સમજી શક્યો નથી. અલ્લાહને ન જોઈ શકવું તે એનું કારણ કઈ રીતે બની શકે કે આપણા દિલમાં તેને જોવાની ઈચ્છા જન્મે ? (ક્રમશઃ)


**એહસાનઅલી એચ. બધરા**
(હૈદરપુરા)
મો. ૯૫૩૭૬૭૨૧૭૨
મો.૯૫૩૭૬૬૭૪૧૪
ઓ. ૦૨૭૬૬ ૨૩૪૭૮૬

કમ્પ્યૂટર તેમજ લેપટોપનું રિપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.

**આશિષ ઇન્ફોટેક**

**કમ્પલિટ કોમ્પ્યૂટર સોલ્યુશન**

* કોમ્પ્યૂટર સેલ્સ એન્ડ સર્વિસ
* નેટવર્કીંગ, પેરીફેરલ્સ * લેપટોપ રીપેરીંગ
* એન્યુઅલ મેઈનટેનન્સ * સીસીટીવી કેમેરા
* સોફ્ટવેર

દુ.નં.૪, સંતોકબા હોલની બાજુમાં,
રાજમહેલ રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

# નાદે અલી

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

***'યા અલી મદદ'*** આ ત્રણ શબ્દો અમુક લોકો માટે ઈમાનની અને શકિતની નિશાની છે જ્યારે અન્ય લોકો માટે ***'અલ્લાહ સિવાય કોઈ અન્ય'*** પાસે મદદ માટે પોકાર કરવો તે દર્શાવે છે અને તે શિર્ક કરવા બરાબર છે. પરંતુ જે લોકો આવું વિચારે છે તેઓ એ બાબતને ભૂલી જાય છે કે ***'અલી' અલ્લાહનાં 99 નામો પૈકીનું એક નામ છે અને તેથી જ તો 'યા અલી મદદ'નો પોકાર કોઈ પણ પરિસ્થિતિમાં 'શિર્ક' થતો નથી.*** હજુ પણ કેટલાક કદાચ એવી દલીલ કરે કે જ્યારે આપણે "યા અલી મદદ"નો પોકાર કરીએ છીએ ત્યારે ખરેખર તો મૌલા અલી (અ.) ની મદદ માગીએ છીએ અને તેથી જ તો તે 'શિર્ક' કર્યા બરાબર છે. આવી પાંગળી દલીલ ઉપર સૂરએ અઅ્રાફની નીચેની આયતની રોશનીમાં વળતો પ્રહાર કરી શકાય કે જે ફરમાવે છે કે :

● "ખરેખર અમોએ ***શયતાનોને*** એવા લોકોના ***વલી*** બનાવ્યા છે કે જેઓ ***ઈમાન ધરાવતા નથી.***"

(સૂરએ અઅ્રાફ, સૂરા–૭, આયત–૨૭)

કાફિરો માટે શયતાનો નિયુક્ત થયેલા રાહબરો અને મદદગારો છે. મૌલા અલી (અ.) ***<u>'અમીરુલ મોમિનીન' – ઈમાનદાર લોકોના અમીર</u>*** છે અને પયગમ્બરે પાક (સ.)એ આપ (અ.)ને ઘણી વાર ***<u>'કુલ્લે ઈમાન' – સંપૂર્ણ ઈમાન</u>*** કહીને સંબોધ્યા છે; ઉપરની આયતની રોશનીમાં અને મૌલા અલી (અ.) માટેના રસૂલલ્લાહ (સ.)ના શબ્દોની રોશનીમાં આપણે વધુમાં એવી દલીલ કરી શકીએ કે ***જો શયતાનો બેઈમાન લોકોના રાહબર નિયુક્ત થઈ શકતા હોય તો પછી <u>મૌલા અલી (અ.) બધા જ ઈમાનદારો માટે વલી અને મદદગાર શા માટે નિયુક્ત ન થઈ શકે ?</u>***

→ તેથી જ તો આ લેખમાં આપણે એ શોધવા માટે મંથન કરીશું કે શું 'યા અલી મદદ'નો પોકાર કુરઆન અને આપણા વહાલા પયગમ્બર (સ.)ની સુન્નતની રોશનીમાં કાયદેસરનો છે કે નથી.

આપણે સૂરએ યૂનુસની નીચેની આયતથી શરૂઆત કરીએ :

● ***"અને ખુદાને છોડીને એવી ચીજને ન પોકારતો કે જે ન તો તને નફો પહોંચાડી શકતી હોય કે ન તો નુકસાન પહોંચાડી શકતી હોય*** તો જો તેં (ક્યાંક) એવું કર્યું તો તે વખતે તું પણ જાલિમો માંહેનો હોઈશ (ગણાઈશ)." (સૂરએ યૂનુસ, આયત–૧૦૬)

અલ્લાહ (સુ.વ.ત.)એ ઉપરની આયતમાં આપણને હિદાયત કરી છે કે **આપણે અલ્લાહ સિવાય એવા બીજા કોઈને મદદ માટે પોકારવો ન જોઈએ કે જે ન તો આપણને નફો પહોંચાડતો**

**હોય કે ન તો નુકસાન પહોંચાડતો હોય.** આ રીતે તો આપણે કટોકટીના સમયે હંમશાં **અલ્લાહની જ મદદ માગવી** જોઈએ કેમકે તે નીચેની આયતમાં ફરમાવે છે :

● "અને **સરપરસ્તી માટે તો બસ અલ્લાહ કાફી છે** અને **મદદના માટે પણ અલ્લાહ જ કાફી છે.**"

(સૂરએ નિસા, આયત–૪૫)

આ આયત ફરમાવે છે કે **અલ્લાહ (સુ.વ.ત.) જ આપણા માટે વલી અને મદદગાર તરીકે કાફી છે.** પરંતુ અલ્લાહને તો જોઈ શકાતો નથી, તેથી જ્યારે આપણને જરૂર પડે ત્યારે તેની મદદ કેવી રીતે માગવી ? આના માટે કુરઆન ફરમાવે છે :

● "અને પોતાના તરફથી કોઈને **અમારો સરપરસ્ત (વલી) બનાવ** અને તું પોતે કોઈને પોતાના તરફથી **અમારો મદદગાર બનાવ.**"

(સૂરએ નિસા, આયત–૭૫)

ઉપરની આયત **મક્કાના મુસલમાનો**ના એક એવા જૂથનો સંદર્ભ આપે છે કે **જેમણે અલ્લાહની મદદ,** ઉપર જણાવેલા વાકયને કટોકટીના સમયે બોલીને માગી હતી. **તેમની દુઆ અલ્લાહ તરફથી નિયુક્ત થયેલા એવા વલી અને મદદગારને મેળવવાની હતી કે જે તેમને ભયંકર આફતોથી બચાવે.** ઉપરની આયત દ્વારા કુરઆન એ બાબતને સમર્થન આપે છે કે **અલ્લાહ (સુ.વ.ત.) કોઈ વલીને અને કોઈ મદદગારને નિયુક્ત કરે છે અને તેના દ્વારા આપણે અલ્લાહની મદદ મેળવીએ છીએ.**

→ આથી આપણે ઉપરના ચિંતનનું સમાપન કરતી દલીલ તરીકે એવું કહી શકીએ છીએ કે કોઈ પણ સાચો ઈમાનદાર હંમેશાં અલ્લાહ (સુ.વ.ત.) તરફની જ મદદ માગશે કેમકે અલ્લાહ (સુ.વ.ત.) જ એવો છે કે જે રક્ષક (વલી) અને મદદગાર તરીકે કાફી છે. ઈમાનદાર મોમિને બીજાઓ પાસેથી મદદ માગવાથી દૂર રહેવું જોઈએ કે જેઓ ન તો નફો પહોંચાડે છે કે ન તો કોઈ નુકસાન કરવા માટે કારણભૂત હોવા શકિતમાન હોય છે અને જો તે એવું કરે તો તે અન્યાયી લોકોમાંથી હશે. **અલ્લાહ (સુ.વ.ત.) આપણા માટે અદ્રશ્યમાન છે, પરંતુ તે કોઈ એવા વલીને અને મદદગારને નિયુક્ત કરે છે કે જે આપણને ભયંકર આફતોથી બચાવે છે.** તેના તરફની **મદદ અલ્લાહની મદદ હોય છે, માટે જ તો અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલા આવા વલી પાસે મદદ માગવી તે અલ્લાહ (સુ.વ.ત.) પાસે મદદ માગવા બરાબર છે. શું એવું નથી ?**

ઉપરની દલીલને વધારે સારી રીતે સમજવાના હેતુથી આપણે આપણા વહાલા પયગમ્બર (સ.)ના જમાના તરફ નજર કરીશું, પરંતુ પહેલાં તો આપણે સૂરએ બની ઈસરાઈલની નીચેની આયત જોઈએ :

● "અને આ દુઆ માગ્યા કરો કે અય મારા પાલનહાર ! મને તું જ્યાં પહોંચાડે ત્યાં સારી રીતે પહોંચાડજે અને મને જ્યાંથી બહાર કાઢે, સારી રીતે બહાર કાઢજે અને મને ખાસ તારી બારગાહથી **એક સુલતાન અતા ફરમાવ કે જેનાથી દરેક પ્રકારની મદદ પહોંચે.**"

(સૂરએ બની ઈસરાઈલ, આયત–૮૦)

ઉપરની આયત અલ્લાહ તરફનો રસૂલે પાક (સ.)ને અલ્લાહ (સુ.વ.ત.)ની બારગાહમાં એવી દુઆ માગવા માટેનો સ્પષ્ટ આદેશ છે કે જેથી તે (અલ્લાહ) રસૂલલ્લાહ (સ.)ને એક યોગ્ય રીતે નિયુકત થયેલા સુલતાનન્નસીરા (سُلْطَانًا نَّصِيرًا) ની માગણીને મંજૂર રાખે કે જે રસૂલલ્લાહ (સ.) ને માટે હંમેશાં ઈલાહી મદદનો મહાન સ્ત્રોત હોય.

જયારે રસૂલલ્લાહ (સ.)એ ઉપરની આયતોની તિલાવત ફરમાવી તો અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બર (સ.)ને પઢવા માટે અને ઈલાહી મદદ માગવા માટે નાદે અલીની સાથે જિબ્રઈલ (અ.) ને મોકલ્યા. ઉપરની આયતની સાથે ને સાથે નાદે અલીનું નાઝિલ થવું, આ ઈલાહી દુઆ વિષે ઘણું બધું કહી જાય છે :

نَادِ عَلِيًّا مَظْهَرَ الْعَجَآئِبِ تَجِدْهُ عَوْنًا لَّكَ فِي النَّوَآئِبِ كُلُّ هَمٍّ وَّغَمٍّ اِلَى اللهِ حَاجَتِيْ وَعَلَيْهِ مُعَوَّلِيْ كُلَّمَا رَمَيْتُ مُتَقَاضِيْ فِي اللهِ يَدُ اللهِ وَلِيُّ اللهِ لِيَ اَدْعُوْكَ كُلُّ هَمٍّ وَ غَمٍّ سَيَنْجَلِيْ بِعَظَمَتِكَ يَا اَللهُ بِنُبُوَّتِكَ يَا مُحَمَّدُ بِوِلَايَتِكَ يَا عَلِيُّ يَا عَلِيُّ يَا عَلِيُّ اَدْرِكْنِيْ

"(બોલાવ અલીને કે જે અજાયબ બાબતોને પ્રગટ કરનારો છે, તું તેને તારી મુસીબતોમાં મદદ કરનારો જોઈશ અને બધાં દુ:ખો અને દર્દો દૂર કરી દેવામાં આવશે. હું મારી ક્ષણિક ઈચ્છાઓને તારે તાબે કરી દઉં છું કે જેના ઉપર હું વિશ્વાસ ધરાવું છું અને હંમેશાં દુન્યવી ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે તારો જ ઉલ્લેખ કરવામાં આવેલ છે. અય તું જ કે જેને આધાર આપવામાં આવેલ છે ! અય તું જ નિયુકત થયેલો વલી છે ! બધાં દુ:ખ દર્દો ગાયબ થઈ જશે. અય રબ ! તારા દ્વારા, તારા પ્રભાવ દ્વારા ! તારા વડે, અય મોહંમદ ! તારી રહેમતો હોજો તારા પયગમ્બર અને તેમની આલ ઉપર, **તારા વડે, તેં આપેલી સત્તા અને વલીની શકિત વડે, અય અલી, અય અલી, અય અલી મદદ કરો.**)"

(પ્રાપ્તિ સ્થાન : નાદે અલી : અલ મજલિસી, બિહારુલ અન્વાર, ભાગ–૨૦, પ્રકરણ–૧૨, પેજ–૭૩, મોહદ્દિસ અલ નૂરી, મુસ્તદરક અલ વસાઈલ, ભાગ–૧૫, પ્રકરણ–૫૧, પેજ–૪૮૩, અલ કફામી મિસ્બાહ, પેજ–૧૮૩)

જયારે મુસ્લિમ સૈન્ય ખૈબરનો કિલ્લો જીતી શકતું ન હતું અને જંગ હારી રહ્યા હતા ત્યારે પયગમ્બર (સ.)એ નાદે અલીની તિલાવત કરીને મૌલા અલી (અ.)ને મદદ માટે બોલાવ્યા હતા. મૌલા અલી (અ.) બચાવ માટે આવી ગયા, કિલ્લો જીતી લીધો અને ચમત્કારિક રીતે કિલ્લાનો તોતિંગ દરવાજો પોતાના હાથ ઉપર ઊંચકી લીધો.

સહીહ મુસ્લિમમાં એવી રિવાયતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ખૈબરના દિવસે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું, "આ અલમ હું ખરેખર **એવા માણસને આપીશ કે જે અલ્લાહને અને તેના રસૂલને ચાહે છે અને અલ્લાહ અને તેના રસૂલ તેને ચાહે છે અને તેના વડે અલ્લાહ આપણને વિજય આપશે.**"

ઉમર ઈબ્ને અલ ખત્તાબે કહ્યું, “તે દિવસ સિવાય બીજા કોઈ પણ દિવસે મેં આગેવાની લેવાની ઈચ્છા કરી નથી.” તેમણે એવું પણ કહ્યું, “અને હું તેના અધિકારનો દાવો કરવાની આશામાં એકદમ તેના તરફ ઉછળી પડ્યો.” પરંતુ પયગમ્બરે ખુદાએ અલી ઈબ્ને અબી તાલિબને હાજર થવા માટે બોલાવ્યા અને તેમને અલમ આપીને ફરમાવ્યું, “જાઓ અને પાછા ન ફરતા ત્યાં સુધી કે અલ્લાહ તમને ફતેહ ન આપે.”

તારીખુલ ખુલફામાં સુયુતિના મત પ્રમાણે, અલી (અ.)એ દરવાજાને એક હાથમાં પકડી રાખ્યો હતો, પોતાના બધા સાથીદારોને સપાટ ગોઠવેલા દરવાજા ઉપર ઊભા રાખીને પોતાના હાથના હલનચલન વડે બધાને ખાઈની પેલે પાર મૂકવાનું ચાલુ રાખ્યું હતું. **સુયુતિ ઉમેરે છે કે પાછળથી એ દરવાજો એંશી માણસો વડે પણ ખસેડી શકાયો ન હતો.**

<u>**આ બાબત બતાવે છે કે રસૂલે પાક (સ.)ની પાસે મૌલા અલી (અ.)ના સ્વરૂપમાં એક નિયુક્ત થયેલો મદદનીશ અને ઉધ્ધારક હતો કે જેમને ઈલાહી શક્તિ અને આ હેતુ માટેની સત્તા આપવામાં આવી હતી.**</u> આ જ મુદ્દાને વધુમાં નીચે દર્શાવેલ આયતની રોશનીમાં સમજાવી શકાય :

● “અય રસૂલ ! એ જ તો એ ખુદા છે કે જેણે <u>**પોતાની ખાસ મદદથી અને મોમિનોથી તમારું સમર્થન કર્યું.**</u>” (સૂરએ અન્ફાલ, આયત–૬૨)

આ આયત એ બાબતને મજબૂત બનાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)ની મદદ કરવા માટે એક મોમિનની નિયુક્તિ કરી હતી. અબૂ હુરૈરાના હવાલાથી ઈબ્ને અસાકિરે ટાંકેલી હદીસ અનુસાર રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે અર્શ ઉપર એવું લખેલું હતું કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી. મોહંમદ (સ.) મારા બંદા અને મારા રસૂલ છે <u>**અને મેં અલી દ્વારા તેમની મદદ કરી.**</u> (સંદર્ભ: દુર્રે મન્સૂર, ભાગ–૩, પેજ–૧૯૯, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, તારીખ ઈબ્ને અસાકિર ઝૈનૂલ ફલ્લી).

આ રીતે મૌલા અલી (અ.) سُلۡطَانًا نَّصِيۡرًا છે. જેમકે સૂરએ બની ઈસરાઈલની આયત ૮૦માં ઉલ્લેખ થયેલ છે, તેમ પયગમ્બરે પાક (સ.)ની મદદ માટે તેમને નિયુક્ત કરવામાં આવ્યા. અને તેમની પયગમ્બરે પાક (સ.)ના મદદનીશ અને ઉધ્ધારક તરીકે નિમણૂક થયા પછી તેમને આ હેતુ માટે યોગ્ય રીતે શસ્ત્રસજ્જ કરવામાં આવ્યા જેમકે નીચેની આયત તેનું સમર્થન કરે છે :

● “અને <u>**અમોએ જ લોખંડને નાઝિલ કર્યું કે**</u> જેના દ્વારા સખત લડાઈ અને લોકોના માટે ખૂબ જ નફાની વાતો છે કે જેથી <u>**ખુદા જોઈ લે કે જોયા જાણ્યા વગર ખુદા અને તેના રસૂલોની કોણ મદદ કરે છે**</u> બેશક ખુદા ખૂબ જ જબરદસ્ત વર્ચસ્વ ધરાવનારો છે.” (સૂરએ હદીદ, આયત–૨૫)

આ આયત સંદર્ભ આપે છે એવા <u>**લોખંડનો કે જે અલ્લાહ (સુ.વ.ત.) અને તેના રસૂલ (સ.)ના કાર્યના પ્રયોજનમાં મદદ કરવા માટે નીચે ઉતારવામાં**</u>

**<u>આવ્યું હતું.</u>** ઓહદના રણમેદાનમાં જિબ્રઈલ (અ.) **'ઝુલ્ફિકાર'** તલવારને નીચે લાવ્યા અને તેને આવું કહીને મૌલા અલી (અ.)ને ભેટમાં આપી :

لَا سَيْفَ اِلَّا ذُوالْفِقَارُ وَلَا فَتٰى اِلَّا عَلِيٌّ

*(ઝુલ્ફિકાર જ એક માત્ર અસરકારક તલવાર છે અને અલી (અ.) અજોડ વિજેતા છે).*

(સંદર્ભ : હબીબુસ્સિયર, રૌઝતુલ અહ્ઝાબ)

આ રીતે અલ્લાહ (સુ.વ.ત.)એ એક વલી તરીકે મૌલા અલી (અ.)ને નિયુક્ત કર્યા અને પવિત્ર જંગો દરમિયાન દુશ્મનો સામે લડવા માટે અને ઈલાહી કાર્યના પ્રયોજન અને તેના રસૂલ (સ.)ની મદદ માટે દુશ્મનો સામે લડવા **<u>પોતાની તલવાર ઝુલ્ફિકારથી</u>** તેમને શસ્ત્રસજ્જ કર્યા.

→ આલમીન માટે રહેમત એવા રસૂલે પાક (સ.), અલ્લાહનું સર્વશ્રેષ્ઠ સર્જન (ખૈરૂલ બશર) અને એક માત્ર પયગમ્બર કે જેમણે મેઅરાજ દરમિયાન સર્વોચ્ચ ક્ષિતિજ (કાબ કોસૈન) ઉપર વિજય મેળવ્યો, તે પોતે જ આવા બધા સદ્‌ગુણો ધરાવતા હતા તેમ છતાં એવું વિચારવું વાજબી છે કે પયગમ્બર (સ.) એકલા હાથે ખૈબરનો કિલ્લો જીતી શકયા ન હોત? અને જો એવું જ હોત તો તેમણે એવું શા માટે ન કર્યું અને તેના બદલે કિલ્લાને જીતવા માટે તેમણે મૌલા અલી (અ.)ની વાટ કેમ જોઈ ?

ઉપરના પ્રશ્નોના જવાબ આપવાના હેતુથી ચાલો આપણો કુરઆનમાંથી હિદાયત પ્રાપ્ત કરીએ. સૂરએ નમ્લની નીચેની આયત આપણને અહીં મદદરૂપ થશે :

● સુલયમાને પોતાના દરબારીઓને કહ્યું, અય મારા દરબારના સરદારો ! તમારામાંથી કોણ એવું છે કે જે લોકો મારી સામે ફરમાબરદાર બનીને આવે તે પહેલાં, મલિકાનું તખ્ત મારી પાસે લઈ આવે ? (તે સાંભળીને) જિન્નાતમાંથી એક દેવ બોલી ઉઠ્યો કે એ પહેલાં કે હુઝૂર (દરબાર બરખાસ્ત કરીને) પોતાની જગ્યાએથી ઊઠે, હું તખ્ત આપની પાસે લઈ આવીશ અને ખરેખર તેના ઉપર હું કાબૂ ધરાવું છું (અને) જવાબદાર છું. આના ઉપર સુલયમાન કંઈ કહેવા પામ્યા ય ન હતા કે **<u>એ માણસ (આસિફ બિન બરખીયા) કે જેની પાસે ખુદાની કિતાબનું થોડુંક ઈલ્મ હતું, તે બોલ્યો કે હું આપની આંખનો પલકારો થાય તે પહેલાં તખ્તને આપની પાસે હાજર કરી દઉં છું.</u>**'' (સૂરએ નમ્લ, આયત–૩૮ થી ૪૦)

ઉપરની આયતમાં સુલયમાન (અ.)એ પોતાના સરદારોને રાણીનું તખ્ત તેમની સમક્ષ લાવવાનું કહ્યું એ પહેલાં કે તેણી અને તેણીના લોકો તેમના શરણે થઈ જાય. આસિફ બિન બરખીયા કે જેમની પાસે કિતાબનું થોડુંક ઈલ્મ હતું તેમણે તેમને વચન આપ્યું કે તેઓ તેને આંખના પલકારામાં લઈ આવશે. અને તેઓ એવું કરવામાં સફળ થયા પણ ખરા.

અહીં ફરી પાછો કદાચ એ પ્રશ્ન ઊભો થાય કે સુલયમાન (અ.) જેવા પયગમ્બર પોતે જ શા માટે તખ્ત ન લાવ્યા અને આસિફ બિન બરખીયા એ કાર્ય કરે તે માટે શા માટે રાહ જોઈ ? આપણા ઈમામ અલી નકી (અ.)એ તેની સમજૂતી આ રીતે આપી છે :

યહ્યા બિન અકસમે ઈમામ અલી નકી (અ.) ને પૂછ્યું, "શું સુલયમાન (અ.) તખ્તને જાતે જ લાવવાનું ઈલ્મ ધરાવતા નહોતા ?" ઈમામ અલી નકી (અ.)એ ફરમાવ્યું, આ બાબત આસિફ બિન બરખીયાનો ઉલ્લેખ કરે છે અને એવું નહોતું કે ફક્ત તેઓ જ એક એવા માણસ હતા કે જેમની પાસે 'ઈસ્મે આઝમ'નું ઈલ્મ હતું અને હઝરત સુલયમાન (અ.) તેનાથી અજાણ હતા, પરંતુ તેમની (સુલયમાન (અ.)ની) પાસે પણ એવું જ ઈલ્મ હતું. પરંતુ તેઓ એવું ઈચ્છતા હતા કે તેમની ઉમ્મત કે જેમાં જિન્નાત અને ઈન્સાનોનો સમાવેશ થતો હતો, તે જાણી લે કે **<u>તેમના પછી તે (આસિફ બિન બરખીયા) અલ્લાહની હુજ્જત બનવાના છે અને આ 'ઈસ્મે આઝમ' અલ્લાહ દ્વારા અપાયેલ ઈલાહી આજ્ઞાથી સુલયમાન (અ.)દ્વારા આસિફ બિન બરખીયાને આપવામાં આવ્યું હતું. તેથી લોકો તેમની (જાનશીન તરીકેની) નિયુક્તિની બાબતમાં વાદવિવાદ ન કરે અને તેમના (લોકોના) ઉપર એક મજબૂત દલીલ (હુજ્જત) બની જાય.</u>**

(સંદર્ભ : મનાકિબ, ભાગ–૪, પેજ–૪૦૩ થી ૪૦૫, બિહારુલ અન્વાર, ભાગ–૯–૧૧, પેજ–૧૭૫, ૧૮૦)

આ બાબત સ્પષ્ટતા કરે છે એ બાબતની કે શા માટે પયગમ્બર (સ.)એ મૌલા અલી (અ.)ના આવવાની રાહ જોઈ અને તેમની ગેરહાજરીમાં ખૈબરનો કિલ્લો જીતી લીધો નહીં. એવી જાહેરાતની સાથે કે તેઓ અલમ એક એવા માણસને આપશે કે જેને અલ્લાહ (સુ.વ.ત.) અને તેના રસૂલ (સ.) ચાહે છે, **તેની પાછળ આપ (અ.)ની ઈચ્છા ઉમ્મતને જણાવવાની હતી કે તેઓ મૌલા અલી (અ.)ની (રસૂલ (સ.)ના) જાનશીન તરીકેની નિયુક્તિની બાબતમાં વાદવિવાદ કરે નહીં કેમકે <u>આપ (અ.) તેમના (લોકોના) ઉપર ઈલાહી હુજ્જત હતા.</u>** મૌલા અલી (અ.)ની પયગમ્બરે પાક (સ.)ના જાનશીન તરીકેની નિયુક્તિ અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા અપાયેલી ઈલાહી આજ્ઞા મુજબની હતી.

ઉપરના તારણને વધુમાં પયગમ્બરે પાક (સ.) ની એક પ્રખ્યાત હદીસ દ્વારા સાબિત કરી શકાય છે કે જે કહે છે કે :

**<u>"અલી સર્વશક્તિમાન અલ્લાહ તરફની હુજ્જત છે</u> અને હું તે બાબતનો ગવાહ છું."** (સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, ભાગ–૪૩, પેજ–૨૨૦, કરીબ મિનલ લફ્ઝ ફિ યનાબેઉલ મોવદ્દત, ભાગ–૧, પેજ–૨૯૩)

→ આપણે બધા રસૂલે પાક (સ.)ની સુન્નત પર અમલ કરવાની કોશિશ કરીએ છીએ કેમકે આપણે જાણીએ છીએ કે આપ (સ.)એ જે કંઈ કર્યું હતું તે અલ્લાહ (સુ.વ.ત.)ની આજ્ઞાઓ અનુસાર જ કર્યું હતું. આપ (સ.)ની સુન્નતનું અનુસરણ કરવાથી આપણને ખાત્રી થઈ જશે કે આપણે સિરાતે મુસ્તકીમ ઉપર અડીખમ રહીએ છીએ. મૌલા અલી (અ.) કુરઆને આપેલા સંદર્ભ મુજબ سُلْطَانًا نَّصِيرًا છે. આપ (અ.) એ ઈલાહી મદદ છે કે જેની અલ્લાહ (સુ.વ.ત.) પાસેથી રસૂલલ્લાહ (સ.)એ

માગણી કરી અને અલ્લાહે આપના (મૌલા અલી (અ.)) દ્વારા તેની મદદ રસૂલલ્લાહ (સ.)ને પાછી આપી. તેથી જો આપણે મૌલા અલી (અ.) પાસેથી મદદ મેળવવાની કોશિશ કરીએ તો શું તે રસૂલલ્લાહ (સ.)ની સુન્નતનો ભાગ ન બની શકે ?

આ લેખના પહેલા વિભાગમાં આપણે સૂરએ નિસાની ૭૫મી આયત જોઈ ગયા છીએ કે જેમાં મક્કાના લોકોએ તેમને બચાવી લેવા માટે ઈલાહી દ્વારા નિયુક્ત થયેલ વાલીની અને મદદગારની માગણી કરી હતી. ત્યાર પછી પાછળના વિભાગમાં આપણે જોયું કે મૌલા અલી (અ.) રસૂલે પાક (સ.)ના નિયુક્ત થયેલા મદદગાર હતા. તેથી તેનો અર્થ એવો નીકળે છે કે જો આપણે એવું માનીએ કે જ્યારે અલ્લાહે જ રસૂલે પાક (સ.)ના મદદગાર તરીકે મૌલા અલી (અ.)ને નીમ્યા છે તો પછી આપણા માટે – નબી (સ.)ની ઉમ્મત માટે – મૌલા અલી (અ.) જ નિયુક્ત થયેલા ઉધ્ધારક અને રક્ષક હોવા જોઈએ. ચાલો આપણે લેખના આ પાછળના વિભાગમાં આ અનુમાનને થોડીક આયતો દ્વારા સાબિત કરી દઈએ :

● "(લોકો !) **જે તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર નાઝિલ કરવામાં આવ્યું છે** તેનું **અનુસરણ કરો** અને તેના સિવાય **બીજા (નકલી) સરપરસ્તોનું અનુસરણ ન કરો.**" (સૂરએ અઅ્રાફ, આયત–૩)

ઉપરની આયત મુજબ તો આપણે **ફક્ત એવા લોકોનું અનુસરણ કરવાની જરૂર છે કે જેમને અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા આપણા રક્ષકો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.** તેથી તેમનું અનુસરણ કરવું અને તેમની ઈતાઅત કરવી તે અલ્લાહનું અનુસરણ અને અલ્લાહના હુકમનું પાલન કરવા બરાબર છે અને જો આપણે તેમનું અનુસરણ આપણા રક્ષકો (વાલીઓ) તરીકે નહીં કરીએ તો જાણે આપણે અલ્લાહ (સુ.વ.ત.)ની નાફરમાની કરી રહ્યા છીએ.

● "અને એ પણ કે તમારા પરવરદિગાર પાસે મગ્ફેરતની દુઆ માગો ત્યાર પછી તેની બારગાહમાં (ગુનાહોથી) તોબા કરો, એ જ તમને એક મુકર્રર મુદત સુધી સારા નુત્ફ (ઓલાદ)ના ફાયદા ઉઠાવવા દેશે **અને એ જ દરેક સહાબે બુઝુર્ગીને ઝી–ફઝલ અતા ફરમાવશે** અને અગર તમે (તેના હુકમથી) મોઢું ફેરવી લીધું તો મને તમારી બાબતમાં એક મહાન (ખોફનાક) દિવસના અઝાબનો ડર છે."

(સૂરએ હૂદ, આયત–૩)

ઉપરની આયત એવા બધા જ લોકોને વચન આપે છે કે જેઓ એવા સદ્ગુણોથી ભરપૂર છે કે અલ્લાહ (સુ.વ.ત.) પોતાની ذِي فَضْلٍ (ભરપૂર રહેમત) તેમના ઉપર ન્યોછાવર કરશે. ઈબ્ને મર્દુઈયાએ પોતાની કિતાબમાં સાબિત કર્યું છે કે ઉપરની આયતમાં વપરાયેલ ذِي فَضْلٍ મૌલા અલી (અ.) છે અને ઈસ્લામના આલિમોએ ટાંકેલી એવી તો ઘણી બધી હદીસો છે કે જે ઈબ્ને મર્દુઈયાના આ દાવાને ટેકો આપે છે.

વળી રસૂલે પાક (સ.)ની એક પ્રખ્યાત

હદીસ છે કે જે જણાવે છે કે **<u>"અલી (અ.)ની સાથે મોહબ્બત ઈમાન છે, અને તેમની સાથેની નફરત નિફાકની નિશાની છે."</u>**

➞ તેનો અર્થ એ થાય છે કે **<u>મૌલા અલી (અ.) પ્રત્યેની મોહબ્બત મોમિનો પર ન્યોછાવર કરેલી અલ્લાહ (સુ.વ.ત.)ની ભરપૂર મહેરબાની</u>** (ذِیُ فَضُلٍ) **<u>છે.</u>**

વળી રહમાનુર્રહીમ અલ્લાહ (સુ.વ.ત.)તો હંમેશાં એવું જ ઈચ્છે છે કે આપણે બધા સિરાતે મુસ્તકીમ ઉપર અડીખમ રહીએ. અને તેથી જ તો તેણે સ્પષ્ટપણે નીચેની આયતમાં આપણી સમક્ષ તેના નિયુક્ત કરેલા વલીઓ (રક્ષકો)ને ખુલ્લા પાડી દીધા છે. તેમની ઈતાઅત કરવાથી ખાત્રી થઈ જશે કે આપણે હિદાયત પામેલા છીએ.

● "અય ઈમાનદારો ! તમારો વલી (માલિક, સરપરસ્ત) તો બસ એ જ છે ખુદા અને તેનો **રસૂલ** અને **<u>તે મોમિનો</u>** કે જે પાબંદીથી નમાઝ અદા કરે છે **<u>અને રુકૂઅની હાલતમાં ઝકાત આપે છે.</u>** "અને જેણે ખુદા અને રસૂલ અને **તે ઈમાનદારોને પોતાના સરપરસ્ત બનાવ્યા તો તે ખુદાના લશ્કરમાં આવી ગયો** અને એમાં શંકા નથી કે **ખુદાનું જ લશ્કર ગાલિબ (વિજયી) રહે છે.**"

(સૂરએ માએદા, આયત–૫૫–૫૬)

આ આયત જણાવે છે કે આપણા વલી અને રક્ષક અલ્લાહ (સુ.વ.ત.), રસૂલે પાક (સ.) અને એ મોમિનો છે કે જે ઝકાત આપે છે જ્યારે કે તે રુકૂઅમાં હોય છે. અને જો આપણે તેમની ફરમાબરદારી કરીએ અને તેમનું અનુસરણ કરીએ તો આપણે અલ્લાહના વિજયી લશ્કરનો એક ભાગ બની જઈશું.

ઉપરની આયત ત્યારે નાઝિલ થઈ હતી જ્યારે **મૌલા અલી (અ.)એ પોતાની અંગૂઠી એક સવાલીને આપી હતી જ્યારે કે આપ (અ.) રુકૂઅની હાલતમાં હતા.**

(સંદર્ભ : ઈમામ નસાઈ, સહીહે નસાઈમાં, અલ જામા'અ બૈનુલ સિહાહુલ સિત્તાહ, સ'લાબી)

આથી જ તો આપણા વલી અને સરપરસ્ત એક તો અલ્લાહ (સુ.વ.ત.), રસૂલે પાક (સ.) અને ઈમામ અલી (અ.) તેમજ તેમના વંશમાંના બાકીના 11 ઈમામો છે. જો આપણે તેમની સાથે મોહબ્બત, તેમની ફરમાબરદારી અને અનુસરણ કરીશું તો આપણે અલ્લાહ (સુ.વ.ત.)ના વિજયી લશ્કરમાં શામેલ થઈ જઈશું.

અંતમાં, ચાલો આપણે રસૂલે પાક (સ.) અને ઈમામ મોહંમદ બાકિર (અ.)ની હદીસો જોઈએ કે જે ઈમામ અલી (અ.)નો અલ્લાહ (સુ.વ.ત.) સાથેનો સંબંધ દર્શાવે છે :

● રસૂલે પાક (સ.)એ મૌલા અલી (અ.) વિષે ફરમાવ્યું છે કે **<u>"મનુષ્યમાં માત્ર અલી જ એવા છે કે જે અલ્લાહની સારામાં સારી માઅરેફત ધરાવે છે."</u>**

(સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ, બહામશ અલ મસનદ, ભાગ–૫, પેજ–૩૨માંથી પસંદ કરેલી

હદીસો)

● ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે : "**<u>સર્વશક્તિમાન અલ્લાહે અલી (અ.)ને તેના અને તેની મખ્લૂકાત વચ્ચેના ઝંડા (ધ્વજ) તરીકે નીમ્યા છે.</u>** તેથી જે કોઈ તેમની માઅરેફત ધરાવે છે તે મોમિન છે, જે કોઈ તેમનો ઈન્કાર કરે છે તે કાફિર છે. જે કોઈ તેમની માઅરેફત ધરાવતો નથી તે ગુમરાહ છે, જે કોઈ તેમની સાથે બીજી બાબતને જોડી દે છે તે મુશરિક છે અને **<u>જે કોઈ તેમની વિલાયતમાં માને છે તે જન્નતમાં દાખલ થશે.</u>**" (સંદર્ભ : અલ કાફી, ભાગ–૧, પેજ–૪૩૭, અલ બિહાર, ભાગ–૩૨, પેજ–૩૬૪, અમાલી અલ તુસી, પેજ–૪૮૭, હિલાત–અલ–અબરાર, ભાગ–૨, પેજ–૪૨૨, અલ હદાઈક અલ નાદિરા, ભાગ–૧૮, પેજ–૧૪૮ કમાલ અલ દીન, પેજ–૪૧૨)

→ અંતમાં આપણે એવી રીતે સમાપન કરી શકીએ કે મૌલા અલી (અ.) **<u>સુલતાનન્નસીરા</u>** (سُلْطَانًا نَّصِيرًا) છે કે જેમણે આપણા વહાલા પયગમ્બર (સ.)ને આખી જિંદગી સુધી મદદ કરી હતી અને ઈસ્લામની ધ્યેયપ્રાપ્તિમાં વફાદાર રહ્યા હતા. **<u>વહાલા ઈમામ અલી (અ.) પ્રત્યેની મોહબ્બત ઈમાનની નિશાની છે</u>** અને **<u>તેમના પ્રત્યેની નફરત નિફાકની નિશાની છે.</u>** અને તેથી જ તો આપ (અ.) રસૂલે પાક (સ.)ની ઉમ્મતમાંના સાચા મોમિનો ઉપર વરસાવવામાં આવેલી **<u>ભરપૂર મહેરબાની</u>** (ઉઝ્રે فَضْلٍ) છે.

→ **<u>અને તેથી જ તો 'યા અલી મદદ'ના પોકારને કદી પણ શિર્ક ગણી શકાય નહીં. પરંતુ હકીકતમાં તે રસૂલે પાક (સ.)ની સુન્નતનો અને અલ્લાહ (સુ.વ.ત.)ની આજ્ઞાનો એક ભાગ છે.</u>** મૌલા અલી (અ.)નો વલી અને સરપરસ્ત તરીકે સ્વીકાર કરવો તે અલ્લાહના વિજયી લશ્કરમાં હોવાનું લાઈસન્સ છે. તેથી જ તો ચાલો આપણે 'નાદે અલી' પઢીએ અને આપણા બધાયના માટે એવી દુઆ કરીએ કે અલ્લાહ (સુ.વ.ત.) આપણી ખિદમતોને કબૂલ કરે અને આપણને આપણા ઈમામોના સાયાની નીચે રાખે અને આપણા માટે આપણી દુન્યવી બાબતોને વધારે સહેલી બનાવે અને આખેરતમાં આપણને નજાત આપે.

"અય સર્વોપરી (અલ્લાહ) ! હું તારાથી શરણ માગું છું મારી દુન્યવી ઈચ્છાઓનું. એમાં શંકા નથી કે તું સર્વજ્ઞ (બધું જાણનારો) છે. અય લોકો ! અલ્લાહ સુબ્હાન, રહમાન અને રહીમ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી. અય અલ્લાહ! તું કાફી છે, સર્વશ્રેષ્ઠ સંચાલન કરનારો, સર્વશ્રેષ્ઠ માલિક, સર્વશ્રેષ્ઠ મદદગાર છે. અય વંચિત અને મદદ માગનારાઓના મદદગાર ! અય ગરીબોના મહેરબાન મદદગાર, મદદ માટે આવ. યા અલી મદદ, યા અલી મદદ, અય તું કે તારી રહેમતથી, તારી મહેરબાનીથી, જઝા આપવાની તારી ભલાઈથી, (મદદ કર). અય રહમાન અને રહીમ. યા અલ્લાહ ! સલવાત મોકલ મોહંમદ (સ.) અને તેમની આલ ઉપર. *

# حلقہ حسین ہے

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

| | |
|---|---|
| چشمِ رسولِ پاک کا تارا حسین ہے | ચશ્મે રસૂલે પાક કા તારા હુસૈન હૈ, |
| مادر ہے جس کی فاطمہ زہرا حسین ہے | માદર હૈ જિસ કી ફાતેમા ઝહરા હુસૈન હૈ. |
| جب بھی پکارا درد میں شبیر آ گئے | જબ ભી પુકારા દર્દ મેં શબ્બીર આ ગયે, |
| مشکل کشا کا دوسرا بیٹا حسین ہے | મુશ્કિલકુશા કા દૂસરા બેટા હુસૈન હૈ. |
| فطرس سے پوچھا تجھکو دیے کس نے بال وپر | ફિતરુસ સે પૂછા તુઝકો દિયા કિસને બાલો પર |
| خوش ہو کے پکارا مرا مولا حسین ہے | ખુશ હો કે પુકારા મેરા મૌલા હુસૈન હૈ. |
| احمد پکارے دیکھا جو راحب کو پریشاں | અહમદ પુકારે, દેખા જો રાહિબ કો પરેશાં, |
| ملتا ہے جس وسیلے سے بیٹا حسین ہے | મિલતા હૈ જિસ વસીલે સે બેટા હુસૈન હૈ. |
| حر کو یزیدیوں کی جو نیت نظر پڑی | હુર કો યઝીદીયોંકી જો નિય્યત નઝર પડી, |
| کہنے لگا لوگوں مرا مولا حسین ہے | કહેને લગા લોગોં ! મેરા મૌલા હુસૈન હૈ. |
| اسلام سے پوچھا کہ ہے تیری پناہ کون | ઈસ્લામ સે પૂછા કે હૈ તેરી પનાહ કૌન, |
| کہنے لگے اجمیر کے خواجہ حسین ہے | કહેને લગા અજમેર કે ખ્વાજા હુસૈન હૈ. |
| مہدی پہ جو تمام ہے زنجیرِ امامت | મહદી પે જો તમામ હૈ ઝંજીરે ઈમામત, |
| اس سلسلے کا تیسرا حلقہ حسین ہے | ઈસ સિલસિલેકા તીસરા હલ્કા હુસૈન હૈ. |

# અલ્લાહની તસ્બીહ

**સંકલન : મોલ્વી હસનઅલી શરાફતઅલી (કઠોર)**

દુનિયામાં હરતાં ફરતાં જાનવરો, પક્ષીઓ, હિંસક પ્રાણીઓ, પથ્થરો, પહાડો, વનસ્પતિ, વૃક્ષો, વગેરે બધાં જ ખુદાની તસ્બીહ કરી રહ્યાં છે અને દરેકની તસ્બીહ તેમની લાયકાત મુજબની હોય છે. જેમને ખુદાએ જીભથી બોલવાની શક્તિ આપેલી છે તેઓ જીભથી પોતાની ભાષામાં તસ્બીહ કરે છે અને જેમને જબાનથી વંચિત રાખ્યા છે તેઓ પણ પોતાની રીતે તસ્બીહ કરે છે. દુન્યવી મખ્લૂકની તસ્બીહની બાબતમાં કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ અલ્લાહે તેનો ઝિક્ર કર્યો છે. ચાલો આપણે આયતો અને હદીસો દ્વારા એ જાણવાનો પ્રયત્ન કરીએ. ઈન્સાનો માટે અલ્લાહની તસ્બીહ કરવા માટે સૌથી વધારે સારી તસ્બીહ જો કોઈ હોય તો તે 'તસ્બીહે ફાતેમા (અ.)' છે કે જેના ઝિક્ર દ્વારા આપણી બીમારી, તંગદસ્તી, ગરીબાઈ દૂર થાય છે. અને અલ્લાહની કુર્બત મેળવી શકાય છે.

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા સૂરએ જુમ્આ, આયત-૧માં ફરમાવે છે :

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ الْمَلِكِ الْقُدُّوْسِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿١﴾

*"જમીન અને આસમાનોની દરેક વસ્તુ અલ્લાહની તસ્બીહ કરી રહી છે, જે બાદશાહ, પાકીઝા, સિફાત, સાહેબે ઈજ્જત અને સાહેબે હિકમત છે."*

અલ્લાહ તઆલા સૂરએ બની ઈસરાઈલ, આયત-૪૪માં ફરમાવે છે :

تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ السَّبْعُ وَالْاَرْضُ وَمَنْ فِيْهِنَّ ؕ وَاِنْ مِّنْ شَيْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ ... ﴿٤٤﴾

*"સાત આસમાનો અને જમીન અને જે કંઈ તેની અંદર છે બધું જ અલ્લાહની તસ્બીહ કરી રહી છે અને કોઈ વસ્તુ એવી નથી કે જે એની તસ્બીહ ન કરતી હોય અને વાત એમ છે કે તમે એની તસ્બીહને સમજી નથી શકતા."*

બીજી એક જગ્યાએ અલ્લાહ તઆલા સૂરએ નૂર, આયત-૪૧માં ફરમાવે છે :

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يُسَبِّحُ لَهٗ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَالطَّيْرُ صٰٓفّٰتٍ ... ﴿٤١﴾

*"શું તમે નથી જોયું કે અલ્લાહના માટે જમીન અને આસમાનોની બધી જ મખ્લૂક અને હવામાં ઉડનારાં પક્ષીઓ તસ્બીહ કરી રહ્યાં છે."*

સૂરએ અંબિયા, આયત-૭૯માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

...وَّسَخَّرْنَا مَعَ دَاوٗدَ الْجِبَالَ يُسَبِّحْنَ وَالطَّيْرَ ؕ وَكُنَّا فٰعِلِيْنَ ﴿٧٩﴾

*"અને અમે દાવૂદના માટે પહાડોને તાબે કરી દીધા હતા કે તેઓ ખુદાની તસ્બીહ કરે અને પક્ષીઓને પણ તાબે કરી દીધાં અને અમે એવાં કામ કરનારા છીએ."*

બીજી એક જગ્યાએ અલ્લાહ સૂરએ હદીદ, આયત-૧માં ફરમાવે છે :

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١﴾

*"તસ્બીહે ખુદામાં તલ્લીન છે દરેક તે વસ્તુ કે જે*

*જમીન અને આસમાનમાં છે અને તે અલ્લાહ ઈજ્જતવાળો (અને) હિકમતવાળો છે."*

ઉપરની આયતોથી જાણવા મળે છે કે અલ્લાહની તસ્બીહ દરેક મખ્લૂક પછી તે પશુપક્ષી હોય, પહાડ હોય કે ઝાડ હોય, દુનિયાની દરેક વસ્તુ અલ્લાહની તસ્બીહ કરવામાં મશગૂલ છે. હદીસોમાં આ અંગે ઈશારા કરેલા છે :

- રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે :

  ❋ દુનિયામાં ચોપગાં જાનવરો, જમીનનાં જીવજંતુઓ, કીડી, તેતર, ઘોડા, ગધેડા, ખચ્ચર અને બધાં જ હરતાં ફરતાં જેટલાં પણ પશુપંક્ષીઓ છે તે હંમેશાં તસ્બીહે ખુદા કરતાં રહે છે અને જેવી તેઓ તસ્બીહને છોડી દે છે કે તરત જ ખુદા તેમની રૂહને કબ્ઝ કરી લે છે અને આ કામ મલકુલ મોતની સાથે સંબંધ નથી ધરાવતું.

- વૃક્ષોની તસ્બીહના સંબંધમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે :

  ❋ એક માણસ મારા પિતાની પાસે આવ્યો અને કહ્યું, મારા માબાપ આપના ઉપર કુરબાન થાય, હું આપથી ખુદાનો એક કોલ સૂરએ બની ઈસરાઈલ, આયત-૪૪ની બાબતમાં કંઈક જાણવા માગું છું. ઈમામ (અ.)એ ફરમાવ્યું કે શું જાણવા માગે છે ? એ માણસે પૂછ્યું કે, શું ખુદા ફરમાવે છે કે સૂકું ઝાડ પણ અલ્લાહની તસ્બીહ કરે છે ? ઈમામ (અ.)એ ફરમાવ્યું કે તેં કદી લાકડીઓનો અવાજ નથી સાંભળ્યો છે કે જે ઘરમાં સળગાવવામાં આવે છે ? ખરેખર એ સૂકી લાકડીઓનો અવાજ પણ પોતાના પરવરદિગારની તસ્બીહ છે અને તે દરેક વખતે 'સુબ્હાનલ્લાહ' કહેતી રહે છે.

(બિહારૂલ અન્વાર, જિ-૫૮, પાના-૧૭૭)

પક્ષીઓ તસ્બીહ કરે છે તે સંબંધમાં અબૂ હમ્ઝા સુમાલીથી રિવાયત છે કે અમે ઈમામ અલી ઈબ્ને હુસૈન (અ.)ની પાસે હાજર હતા કે કેટલાંક પક્ષીઓ અમારી પાસેથી પસાર થયાં કે જે ઝિક્ર કરી રહ્યાં હતાં. ઈમામ (અ.)એ અમને પૂછ્યું કે શું તમે જાણો છો આ પક્ષીઓ શું કરી રહ્યાં છે ? અમે કહ્યું, ના, અય ફરઝંદે રસૂલ (સ.) ! ઈમામ (અ.) એ ફરમાવ્યું કે હું તમને પહેલાં જ બતાવી દઉં કે હું ઈલ્મે ગૈબનો દાવો નથી કરતો, પરંતુ મેં મારા પિતાને આવું ફરમાવતા સાંભળ્યા છે કે હઝરત અલી (અ.) ફરમાવે છે કે જેવી સવાર થાય છે કે તરત જ પક્ષીઓ તસ્બીહે ખુદા કરે છે અને પોતાની રોજીની તાકાત અને ખોરાક માગે છે.

(મદીનતુલ મઆજિમ, જિલ્દ-૪, પેજ-૩૭૧)

આ હદીસમાં આપણે જાણ્યું કે પક્ષીઓ પોતાનો ખોરાક સવારમાં અલ્લાહથી માગે છે અને તસ્બીહ પણ કરતાં રહે છે. તો આપણે પણ સવારે સુબ્હની નમાઝ પઢીએ અને પછી રોજી માટે અલ્લાહથી દુઆ કરીએ તો અલ્લાહ આપણને પણ જરૂર બરકતવાળી રોજી આપશે, જેમકે બની ઈસરાઈલની કોમ પર 'મન્ન' અને 'સલવા' નામનો ખોરાક સવારના સમયે નાઝિલ થતો હતો અને જે માણસ સવારે ઉઠતો તેને એ ખોરાક મળતો હતો અને જે વ્યક્તિ આળસના લીધે ઉઠતો ન હતો તે ખોરાકથી વંચિત રહેતો હતો. જો આપણે પણ આપણી રોજીમાં બરકત ઈચ્છતા હોઈએ તો સુબ્હની નમાઝ પાબંદીથી પઢવી જોઈએ.

એક બીજી હદીસમાં આપણા આઠમા ઈમામ અલી રઝા (અ.)એ પોતાના વાલિદથી અને તેમણે પોતાના જદ્દેબુઝુર્ગવારથી રિવાયત કરી છે કે,

હુદહુદને ન ખાઓ, ન એને ગાળ આપો અને ન રમવા માટે તેને તમારા બાળકોના હાથમાં આપો કેમકે તે પરવરદિગારની ખૂબ જ વધારે તસ્બીહ કરે છે અને હુદહુદની તસ્બીહ એ છે કે તે આલે મોહંમદ (અ.)ના દુશ્મનો પર લા'નત કરે છે.

(અલ કાફી, જિલ્દ-૬, પાના-૨૨૫)

અલ્કમા અને ઈબ્ને મસઊદ કહે છે કે અમારી સામે ઘણી વખત એ બાબત બની કે જ્યારે અમે રસૂલલ્લાહ (સ.)ની સેવામાં હાજર થતા અને દસ્તરખ્વાન પર ખાવાનું ખાતા તો અમને એ ખોરાક કે જેને રસૂલ (સ.) ખાતા હતા, તે ખોરાકમાંથી તસ્બીહનો અવાજ સંભળાતો હતો. ઝરારાથી રિવાયત છે કે મેં ઈમામ મોહંમદ બાકિર (અ.)થી આયએ મુબારક સૂરએ અસરા, આયત-૪૪ની તફસીર પૂછી તો આપે ફરમાવ્યું, હા, બધી જ વસ્તુઓ અલ્લાહ તઆલાની તસ્બીહ કરતી રહે છે. ત્યાર પછી ફરમાવ્યું, જ્યારે કોઈ દીવાલમાં તિરાડ પડે છે ત્યારે તિરાડ પડવાથી જે અવાજ પેદા થાય છે તે પણ દીવાલની તસ્બીહ હોય છે.

(નૂરૂસ્સકલૈન, જિલ્દ-૩, પેજ-૧૬૮)

આ હદીસથી જાણવા મળે છે કે દીવાલમાં તિરાડ પડે તેનો અવાજ પણ દીવાલની તસ્બીહ હોય છે.

આ બધી તો થઈ પશુપક્ષીઓ, ઝાડ અને પથ્થરો-પહાડની તસ્બીહની વાત.

હવે આપણે એ 'તસ્બીહે ફાતેમા'ની વાત કરીએ કે જેને આપણે દરરોજ નમાઝ પછી પઢીએ છીએ.

ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે કે તસ્બીહે ફાતેમાથી અફઝલ અને બહેતર કોઈ એવી વસ્તુ નથી કે જેના દ્વારા ખુદાવંદે આલમની હમ્દોસના કરવામાં આવે કેમકે જો તસ્બીહે ફાતેમા (અ.)થી અફઝલ બીજી કોઈ તસ્બીહ હોત તો પયગમ્બરે અકરમ (સ.) પોતાની વહાલી દીકરીને તે ચીજ હદિયા તરીકે આપતા.

આ હદીસ આપણને બતાવે છે કે જેણે અલ્લાહની સૌથી વધારે પસંદગીપાત્ર તસ્બીહ કરવી હોય તો તેણે તસ્બીહે ફાતેમા (અ.) પઢવી જોઈએ.

ઈમામ સાદિક (અ.) ફરમાવે છે કે જે માણસ નમાઝો પછી પોતાની હાલત બદલ્યા વગર એટલે કે પોતાનો જમણો પગ ડાબા પગ પરથી દૂર કરે તે પહેલાં તસ્બીહે ફાતેમા (અ.) પઢશે તો અલ્લાહ તઆલા એના બધા જ ગુના બક્ષી દેશે અને એ તસ્બીહને હંમેશાં તકબીર એટલે કે 'અલ્લાહો અકબર'થી શરૂ કરો.

(અલ કાફી, જિલ્દ-૩, હદીસ-૬, પેજ-૩૪૨)

ઈમામ જાફર સાદિક (અ.) પોતાના સહાબી અબૂ હારૂનને ફરમાવે છે, અય અબૂ હારૂન ! જેવી રીતે આપણે આપણાં બાળકોને નમાઝ પઢવાનો હુકમ કરીએ છીએ એવી જ રીતે તસ્બીહે ફાતેમા (અ.) પઢવાનો હુકમ પણ કરીએ. તમે પણ પાબંદીથી પઢતા રહો. હકીકત એ છે કે જે બંદાએ પણ તેની પાબંદી રાખી તે કદી પણ તંગદસ્તી અને કમનસીબીમાં ગિરફ્તાર નહીં થાય.

આપણે પાબંદીથી તસ્બીહે ફાતેમા (અ.) પઢીએ તો આપણી તંગદસ્તી અને કમનસીબી દૂર થાય છે.

અબૂ ખાલિદથી મરવી છે, મેં ઈમામ જાફર સાદિક (અ.)ને એવું કહેતાં સાંભળ્યા છે કે મારી નજદીક દરરોજ દરેક નમાઝ પછી તસ્બીહે ફાતેમા (અ.) પઢવી દરરોજ હજાર રકાત નમાઝો પઢવા

કરતાં વધારે પસંદગીપાત્ર છે.

રિવાયતમાં છે કે ઈમામ જાફર સાદિક (અ.)ના એક સહાબી આપની સેવામાં આવ્યા અને અરજ કરી, અય ફરઝંદે રસૂલે ! મને મારા કાનથી ઘણું જ ઓછું સંભળાય છે. ઈમામ (અ.)એ ફરમાવ્યું, તમે તસ્બીહે ફાતેમા (અ.) પઢતા રહો. એ સહાબીએ ઈમામ (અ.)ને અરજ કરી કે હું આપ પર કુરબાન થઈ જાઉં. આ તસ્બીહે ફાતેમા (અ.) શું છે ? અને તેને પઢવાનો તરીકો શું છે ? ઈમામ (અ.)એ ફરમાવ્યું, તસ્બીહે ફાતેમાને આ રીતે પઢવાનું શરૂ કરો કે પહેલા ૩૪ વખત 'અલ્લાહો અકબર', પછી ૩૩ વખત 'અલ્હમ્દોલિલ્લાહ' અને પછી ૩૩ વખત 'સુબ્હાનલ્લાહ' કહો. એ સહાબીનું બયાન છે કે મેં એ તસ્બીહ પઢી અને હજુ તો થોડી વાર જ થઈ હતી કે મને કાનોથી સાફ સંભળાતું થઈ ગયું.


**મક્તબા જાફરીયા નોલેજ એન્ડ રિસર્ચ એકડમી**
**સંલગ્ન આયોજિત**

# ફાઈન આર્ટસ

**મિલન સમારંભની વિચારણા બાબત**

એ.ટી.ડી. પેઈન્ટીંગ, કોમર્શિયલ આર્ટ, શિલ્પમાં અભ્યાસ કરતા તથા પૂર્ણ કરેલ તમામ મોમિન ભાઈ બહેનોએ નીચેના નંબર્સ ઉપર સંપર્ક કરવો તથા પોતાનો બાયોડેટા mail કરવો.

**મોમિન ગુલામમોહંમદ (મયુરભાઈ ડોડીયા)**
મો. ૯૯૨૫૧ ૬૮૫૧૫ / ૯૮૯૮૫૧૪૧૪૩
mayur_ad429@yahoo.com


**મોમિન એહમદઅબ્બાસ બાલવા**
મો. ૯૭૨૨૨૧૦૪૪૦
noorart440@gmail.com



મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ૮૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦
મોમિન હાસમભાઈ મો.૯૪૨૯૩ ૮૨૬૬૪

(રસુલપુર – ખેરાલુવાળા)





# યાદગાર હાર્ડવેર

**હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીંગ**
**સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.**

**૩૦, ડિવાઇન પ્લાઝા શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.**

# નહજુલ અસરાર

**સંપાદક** : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ** : મો.કાસમભાઈ વિજાપુરા

**سلونی قبل ان تفقدونی**
**સલૂની કબ્લ અન તફકદૂની**
(પૂછો એ પહેલાં કે મને ન પામો.)

(ગતાંકનું ચાલુ)

જ્યારે પ્રતિષ્ઠિત કલામ આટલી હદ સુધી પહોંચ્યું તો અસ્બગ બિન નબાતાએ ઊભા થઈ જઈને અરજ કરી કે યા અમીરુલ મોમિનીન (અ.) દજ્જાલ કોણ છે ?

હઝરતે ફરમાવ્યું કે, જાણી લો કે દજ્જાલ સાયદ બિન ઉબૈદ છે. જે તેનું સમર્થન કરશે તે શકી (દુશ્મન) છે અને જે તેનું ખંડન કરશે તે સઈદ (ભાગ્યશાળી) હશે. તે ઈસ્ફહાન શહેરના મોજે મહૂદીયાથી ખુરૂજ કરશે, તેની સીધી આંખ જન્મથી જ નહીં હોય એટલે કે તેની આંખમાં કીકી નહીં હોય અને બીજી આંખ સુબ્હના સિતારાની માફક ચમકતી હશે. તેની આંખોમાં કોઈક વસ્તુ ગોશ્તના ટુકડાના જેવી હશે કે જે ખૂનથી ભરેલી હશે. બન્ને આંખોની વચ્ચે 'કાફિર' શબ્દ એવી રીતે લખેલો હશે કે દરેક શખ્સ તેને વાંચી શકશે ભલેને પછી તે લખતાંવાંચતાં જાણતો હોય કે ન જાણતો હોય. તે દરિયાઓમાં દાખલ થશે.તેની આગળ ધુમાડાનો એક પહાડ હશે અને પાછળ એક પહાડ હશે જેણે મખ્લૂક સમજશે કે એમાં ખાવાની વસ્તુઓ છે. તે સખત દુકાળના જમાનામાં ખુરૂજ કરશે. તે લીલા અથવા ખાખી રંગના ગધેડા ઉપર સવાર હશે કે જેનું એક કદમ એક એક માઈલનું હશે. જમીન તેના પગમાં (આંટીઘૂંટીઓ) હશે. તે જે પાણી ઉપર થઈને પસાર થશે તે કયામત સુધી સૂકાઈ જશે. તે બુલંદ અવાજથી નિદા કરશે કે જેને મશરિક અને મગરિબની વચ્ચે તમામ જિન્નાત અને ઈન્સાનો અને શયતાનો, વગેરે સાંભળી શકશે. તે કહેશે કે અય મારા દોસ્તો ! મારી તરફ આવો કે મેં જ સઘળી મખ્લૂકાતને પેદા કરી છે અને તેમની સૂરત અને હેસિયતને મુકર્રર કરી છે અને તેમની બેઅસતની વ્યવસ્થા કરી અને રોજી આપી અને તેમને દીન અને પોતાની તોહીદની માઅરેફતની હિદાયત કરી. હું તમારો પરવરદિગાર છું અને દરેક વસ્તુ પર કાદિર છું. આ દુશ્મને ખુદા જૂઠું બોલશે કેમકે તે એક એવો શખ્સ છે કે જે ખાવાનું ખાય છે અને બજારમાં ફરે છે, તમારો પરવરદિગાર ન તો આંધળો છે કે ન તો ખાવાનું ખાય છે, ન રસ્તા પાર ચાલે છે અને ન તો એક જગ્યાએથી બીજી જગ્યાએ (મુન્તકિલ થાય છે) સ્થળાંતર કરે છે. જાણી લો કે તેના તાબેઈન-થી મોટાભાગની બીજી વ્યભિચારી ઓલાદ અને પાઘડીવાળા લોકોનો પહેરવેશ લીલા રંગનો હશે આ એક એવો લિબાસ હશે કે જે રિદાની માફક ખભા ઉપર નાખવામાં આવે છે. ખુદાવંદે આલમ તેને શામ શહેરમાં તલ અફીફત દુર્રએ ઉકબા નામની જગ્યાએ જુમ્આના દિવસે ત્રણ કલાક પસાર થયા પછી તે શખ્સના હાથે કતલ કરાવશે કે જેની પાછળ મસીહ ઈબ્ને મરયમ નમાઝ પઢશે.

જાણી લો કે ત્યાર પછી તામાએ કુબરા

અસ્તિત્વમાં આવશે.

અસ્હાબોએ અરજ કરી કે યા અમીરુલ મોમિનીન ! આ તામાઓ કુબરા શું છે ?

હઝરત (અ.)એ ફરમાવ્યું કે ઝિઆની નજીક દાબ્બતુલ અર્ઝનું ખુરૂજ છે. તેની પાસે સુલયમાનની અંગૂઠી અને મૂસા (અ.)નો અસા હશે. તે એ અંગૂઠીને દરેક મોમિનના ચહેરા ઉપરથી પસાર કરશે તો એ સાચો મોમિન છે એટલે કે 'હાઝા મોમિને હક' લખી દેવામાં આવશે અને જ્યારે અંગૂઠી કાફિરના ચહેરા પરથી પસાર કરશે તો 'હાઝા કાફિરે' 'હક' અથવા હકીકતમાં કાફિર છે તેવું લખી દેવામાં આવશે એ વખતે મોમિનો અવાજ આપશે કે અય કાફિર ! તારા પર વાય થાય અને કુફ્ફાર અવાજ આપશે કે અય મોમિન ! તને મુબારક થાય, કેવું સારું થાત કે આજે અમે પણ તારી માફક હોત અને મહાન ફૈઝ મેળવત. ત્યાર પછી દાબ્બતુલ અર્ઝ મગરિબથી સૂર્ય ઉગ્યા પછી પોતાના મસ્તકને ઉઠાવશે. તમામ મખ્લૂક કે જે મશરિક અને મગરિબની વચ્ચે હશે તે તેને જોશે. એ વખતે તોબાનો દરવાજો બંધ થઈ જશે અને તે દિવસથી ન તો તોબા કબૂલ થશે કે ન તો અમલ અને ન તો ઈમાન લાવવાનું કોઈ ફાયદો પહોંચાડશે. હવે મને ન પૂછો કે દાબ્બતુલ અર્ઝના ખુરૂજ પછી શું થશે, કેમકે મારા હબીબ રસૂલે ખુદા (સ.)એ મારાથી અહદ લીધો છે કે ખુદાની એ નિશાનીઓને પોતાની ઈતરત અને ઓલાદ સિવાય કોઈને ય ન કહું. (બિહારુલ અન્વાર, જિલ્દ-૧૩, અલાએમ ઝુહૂરં)

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું,

મને 'ફઝલુલ' ખિતાબ અર્પણ કરવામાં આવ્યો. ફઝલુલ ખિતાબ શું છે ? એ લુગાત (ડિક્ષનરી)ની માઅરેફત સિવાય કંઈ નથી. હું દાબ્બતુલ અર્ઝ છું. હું એવો જીવતો છું કે જેને મોત નથી. જ્યારે હું મરી જઈશ તો ખુદા (કોઈ બીજાને) જમીનનો વારિસ બનાવશે કે જે તેના પર હશે. સવાલ કરી લો મને અર્શના આગળથી પણ તો હું તેનો જવાબ આપીશ. ઈર્શાદે ખુદાવંદી : 'ઉમ્મારૂનલ અર્શ' એક રહસ્ય છે જેના કેટલાક વજૂદ છે. પહેલો એ કે અર્શ એક ઈલ્મ છે અને અર્શ ઉલ્માએ હુરૂફની પાસે મોહંમદ છે અને તે અર્શના પણ અર્શ છે અને તેમનો કોલ ઉમ્મારૂનલ અર્શ લાઝિમ નથી. ગર્દ એટલી અને તેહકીકપૂર્વક કે કોઈ જાણતું નથી કે તેના આગળ શું છે. પરંતુ ઈન્સાનો-ની અક્કલો કોલમાં નથી સમાતી, અર્શની આગળ જે કંઈ છે તેને તો બરદાશ્ત નથી કરી શકતો. અગર તું સાંભળીશ તો બસીરત અને બશારત બન્નેથી આંધળો થઈ જઈશ. હું તેને મેળવીશ તો બરદાશ્ત કરી લઈશ. (ક્રમશ:)




# વેટરનરી ડોક્ટર

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

• સત ગુરૂ પીર મશાયખ વાચા •

### બયાન નં.૧૪

**સુનો એહલેબયત નબીને કર અનુકુ બતાએ,**
**જે હસન, હુસેન, અલી ફાતેમા કે'લાએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે તમે સાંભળી લ્યો કે ઈમામ હસન (અ.), ઈમામ હુસૈન (અ.), મૌલા અલી (અ.) અને જનાબે ફાતેમા (અ.)ને નબી સાહેબે પોતાની અહલેબૈત તરીકે જાહેર કરીને બતાવી દીધાં.)

**સુનો અનસ રઝીઅલ્લાહ અનહો કહીએ,**
**એ હદીસ હે કેહતે, સુન કર લહીએ.**

(તમે સાંભળો કે નબી સાહેબના પ્રખ્યાત સહાબી હઝરત અનસ રઝીઅલ્લાહ અન્હો છે તેઓ આ હદીસને આ રીતે કહી સંભળાવે છે :)

**બીબી ફાતેમા કે ડેરે, થે નબીજી સીધારે,**
**જે હબીબ રે નામસુ, રબકે પીઆરે.**

(અનસ (રઝી.અ.) કહે છે કે એક દિવસ નબીજી બીબી ફાતેમા (અ.)ના ઘેર પધાર્યા એ નબી કે જેમને હબીબ કહ્યા છે અને અલ્લાહના પ્યારા છે.)

**સો કરને ફજર કેરી રે નમાઝા,**
**સો મસ્જીદમાં આવ કર એસા કીયા રે આવાઝા.**

(નબી સાહેબે ફજની નમાઝ અદા કર્યા પછી મસ્જિદમાં આવીને આ પ્રમાણે અવાજ કર્યો :)

**સો સલામુન અલયકુમ, યા એહલેબયત દાખા,**
**બીબી ફાતેમાકે ઘરકું, યું નબીજીને આખા.**

(નબીજીએ બીબી ફાતેમા (અ.)ના ઘેર આવીને પહેલાં તો 'સલામુન અલૈકુમ' કહ્યું અને ત્યાર પછી અય મારી અહલેબૈત ! એવું કહ્યું.)

**બાદ સલામ કે નબીને, એતા કીયા રે બયાના,**
**રબ તમુકુ દુર, કરે પલીતી નિશાનાં.**

(સલામ કર્યા પછી નબીજીએ પોતાની અહલેબૈતને સંબોધીને એવું કહ્યું કે રબ્બુલ આલમીન તમને નાપાકીથી દૂર રાખે.)

**રબ પલીતી એહલેબયત, દુર તમુસુ કરશે,**
**પાક કરને તમુકું, રબ પાકી રે ભરશે.**

(અય અહલેબૈત ! રબ્બુલ આલમીન તમારાથી પલીતીને–નાપાકીને દૂર કરશે જેવો પાક કરવાનો હક છે તેવી પાકીઝગીથી રબ તમને ભરી દેશે.)

**બીબી ફાતેમાકે ઘરસું, એ કહી નબીજીને બાતી,**
**ભી સૈયદ તો ત્યાંથી, બીબી ફરઝંદ ઝાતી.**

(નબીજીએ ઉપરનું વાકય બીબી ફાતેમા ઝહરા (અ.)ના ઘરમાં કહ્યું હતું. વળી ત્યારથી બીબી ફાતેમા ઝહરા (અ.)ના ફરઝંદોને સૈયદ કહેવાયા.)

**તો બીબી સેતી ફરઝંદ, એહલેબયત રે કે'લાએ,**
**અને ઉસ બોલ માંહે, ભી અલી રે આએ.**

(તો બીબી ફાતેમા (અ.)થી જે ફરઝંદો પેદા થયા તેમને અહલેબૈત કહેવાયા અને આ બોલમાં હઝરત અલી (અ.)નો સમાવેશ પણ થઈ ગયો.)

**તો અનુકુ એહલેબયત, બુઝો રે નામા,**
**યું બયાન હદીસકા, લખા કહીં કહીં ઠામા.**

**–: રે તુહી :–**

(તો ઉપર ગણાવ્યા તે નામધારીઓને અહલેબૈત સમજી લો. આ મુજબની હદીસો તો ઠેર ઠેર લખવામાં આવી છે.)

**બીબી ફરઝંદ ફાતેમા,**
**એહલેબયતધરીયાનામરે,એહલેબયતધરીયાનામ;**
**અલી ભી બુઝો અનુમાં,**
**એહલેબયત કેરે ઠામ રે, અહલેબયત કેરે ઠામ.**

(હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.) અને તેમના બન્ને ફરઝંદોનું નામ અહલેબૈત ધરવામાં આવ્યું છે અને અહલેબૈત (અ.)માં અલી મુર્તઝા (અ.)નો પણ સમાવેશ થાય છે એ બાબત પણ સમજી લેજો.)


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)


**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.


**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**






**S.A.S.**
**Cement Bricks & Block Product**




Size : 9 x 4 x 3

Size : 12 x 8 x 4

**Paver Tiles, Paver Blocks, Cement Bricks & Rubber Blocks**



**Sabirali A. Saleh**
**( Sedrana )**
**Mo.99799 25530**



**Floring Tiles**

**Floring Block**

Sidhpur Sedrana Road, Opp. Rajena Agro, At.Po.Sedrana,
Ta.Sidhpur, Dist.Patan - 384151.

# શુક્રગુઝારી : અલ્લાહના ખજાનાની ચાવી

લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
وَاِذْ تَاَذَّنَ رَبُّكُمْ لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ وَلَئِنْ
كَفَرْتُمْ اِنَّ عَذَابِيْ لَشَدِيْدٌ ۝٧

*(અને જ્યારે તમારા પરવરદિગારે તમને માહિતગાર કર્યા કે શુક્ર કરશો તો હું તમને વધારે આપીશ અને જો તમે નાશુક્રી કરશો તો યાદ રાખજો કે મારો અઝાબ સખત છે.)*

(સૂરએ ઈબ્રાહીમ, આયત–૭)

ઉપરોકત આયતમાં અલ્લાહે બરકતોની ચાવી ક્યાં રહેલી છે તે દર્શાવ્યું છે. આ ચાવી શુક્રગુઝારીમાં રહેલી છે કે જેના વડે અલ્લાહના ખજાના પ્રાપ્ત થાય છે અને નાશુક્રીથી બચવાની તાકીદ પણ આ આયતમાં કરવામાં આવી છે કે જેના પરિણામે અલ્લાહના સખત અઝાબનો સામનો કરવો પડે છે.

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અલ્લાહનો શુક્ર કેવી રીતે કરવો. કેવી રીતે આપણે શુક્રગુઝારીમાં તન્મય રહી શકીએ ? આ ત્યારે જ શક્ય બને કે જ્યારે આપણે પસાર કરેલા દિવસની દરેક ક્ષણમાં આપણી વર્તણૂકથી શુક્રગુઝારી જાહેર થતી હોય.

ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત લેખિકા રોન્ડા બર્ન આ હેતુ માટે સીધુ અને સરળ માર્ગદર્શન પૂરું પાડે છે. તે નીચે મુજબની જાદુઈ પધ્ધતિ અપનાવવાની સલાહ આપે છે કે જે પાંચ વિભાગોમાં વહેંચાયેલી છે. આ પધ્ધતિ અમલમાં મૂકવા માટે તમે એક શુક્રગુઝારી જર્નલ બનાવો તેમાં નેઅમતોની નોંધ રાખો.

(૧) સવારમાં સૌ પ્રથમ તમારા જીવનમાં તમને પ્રાપ્ત થયેલી એવી દસ નેઅમતોનું લીસ્ટ બનાવો કે જેના માટે તમે અલ્લાહના શુક્રની લાગણી અનુભવતા હો.

(૨) એ નેઅમતો માટે તમે શા માટે અલ્લાહના શુક્રગુઝાર છો તે લખો. દા.ત. મને આ નેઅમત મળી છે તેના માટે હું શુક્રગુઝાર છું કારણ કે...

(૩) ત્યાર બાદ ફરીથી તમે લખેલા લીસ્ટને વાંચો. વાંચતી વખતે દરેક નેઅમત બાદ અલ્લાહનો શુક્ર, અલ્લાહનો શુક્ર, અલ્લાહનો શુક્ર, એમ ત્રણ વખત લખો.

(૪) આ પ્રમાણે પૂરા મહિના સુધી દરરોજ નિયમિત રીતે કરતા રહો.

(૫) દિવસ દરમિયાન આવતી કાલ માટેનું સંભવિત જાદુઈ લીસ્ટ આજે વાંચી જાઓ.

આ પ્રમાણે કરતા રહેવાથી તમારું દસ નેઅમતો શોધવાનું કામ દિવસે દિવસે આસાન બની જશે. તમને પ્રતિત થશે કે તમારા જીવનમાં એવી ઘણી બધી નેઅમતો છે કે જેના માટે તમારે અલ્લાહનો શુક્ર માનવો પડે. તમને વંચિત રહી જવાની લાગણીથી મુક્તિ મળશે અને તમને અલ્લાહના હુકમ અનુસાર નેકી કરવાની પ્રેરણા

**આ અંકમાં મો.ઇમદાદઅલી સુથાર (મોલીપુરવાળા)એ બનાવેલ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવેલ છે.**

મળશે.

પયગમ્બરો અને માઅસૂમીન (અ.) પણ જીવનમાં દરેક સંજોગોમાં અલ્લાહની શુક્રગુઝારી કરતા દેખાય છે. આ ઉપરાંત લેખની શરૂઆતમાં આપેલી આયત અનુસાર જો તમે શક્રગુઝારી અપનાવશો તો અલ્લાહ તમને વધારે આપશે. આ 'વધારે' શબ્દ કુરઆનમાં અલ્લાહે ઉચ્ચારેલો છે. જો કોઈ સામાન્ય માણસ 'વધારે' શબ્દનો પ્રયોગ કરે તો તે કેટલું હશે તેનો અંદાજ આવી શકે છે, પરંતુ જ્યારે કાદિરે મુત્લક અલ્લાહ જલ્લે જલાલહૂ 'વધારે' શબ્દનો પ્રયોગ કરે ત્યારે તે કેટલું હશે તેની કલ્પના થઈ શકે એમ જ નથી. માટે શુક્રગુઝારી અપનાવી અલ્લાહની નેઅમતો સ્વીકારવા તૈયાર થઈ જાઓ.





- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- પ્રિન્ટર વેચાણ અને રીપેરીંગ.
- ટોનર રીફીલીંગ.
- રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ઓફીસ, સ્કુલ માં સી.સી.ટીવી કેમેરા નુ ઇન્સ્ટોલેશન કરી આપવામા આવશે.
- કોમ્પ્યુટર ને લગતી તમામ એસેસરીજ મળશે.

જી/46 હીરાપન્ના કોમ્પલેક્ષ,
ગંજ બજાર ની સામે, સિધ્ધપુર-384151



આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

# અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice

Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

**ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.**



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## જંગે અહઝાબનાં મિત્રદળો સામે જંગ

(ગતાંકનું ચાલુ)

જાબિરનું બયાન (આ રીતે) છે :

"મારી પાસે શબ્દો નથી કે હું બયાન કરું કે હઝરત અલી (અ.)એ કેવી રીતે અમ્રને કતલ કર્યો હતો. હું એવું કહી શકું છું કે અલ્લાહ તઆલાએ દાવૂદ (અ.)નો કિસ્સો અને જાલૂતનું બયાન કર્યું છે. અલ્લાહ તઆલા કહે છે કે અલ્લાહના હુકમથી તેમણે તેમને (ગનીમતે) પરાજય આપ્યો અને દાવૂદે જાલૂતને હલાક કરી નાખ્યો."

(સૂરએ અલ બકરા, આયત-૨૫૧)

(કૈસ બિન રબીઅ બયાન કરે છે. અબૂ હારૂન અબ્દીએ રબીઆ સઅદીના હવાલાથી બતાવ્યું, જે કહેતા હતા :)

"હું હુઝૈફા બિન યમાનીની પાસે ગયો અને તેમને કહ્યું, "અય અબૂ અબ્દિલ્લાહ ! અમને હઝરત અલી (અ.)ના અને તેમની ઉચ્ચ સિફતોના બારામાં બતાવો કેમકે બસરાના રહેવાવાળા કહે છે કે અમે લોકો હઝરત અલી (અ.)ના બારામાં (અતિશયોક્તિ)થી કામ લઈએ છીએ આપ પણ એ હદીસનવેશોમાંથી એક છો કે જેમણે આપ(અ.)ના બારામાં હદીસો બયાન કરી છે."

હુઝૈફાએ જવાબ આપ્યો,

"રબીઆ ! મને અલી (અ.)ના બારામાં સવાલ ન કરો. ખુદાની કસમ, કે જેના હાથોમાં મારી જાન છે, અગર રસૂલલ્લાહ (સ.)ના તમામ સહાબીઓના આમાલ એ વખતથી એકઠા કરવામાં આવે કે જ્યારથી આંહઝરત (સ.)ને રિસાલત મળી અને આજ સુધીના તેમના આમાલને બીજા પલ્લામાં મૂકવામાં આવે તો હઝરત અલી (અ.)ના આમાલવાળું પલ્લું ખૂબ જ વજનદાર હશે."

"આ એવી હકીકત છે કે જેને માનવા માટે કોઈ તૈયાર નહીં થાય", રબીઆએ બતાવ્યું. હુઝૈફાએ કહ્યું, "તમે હકીર (તુચ્છ) માણસ છો. શું તમને ખબર છે ખરી કે જ્યારે એ દિવસે અમ્ર બિન અબ્દેવદ મુકાબલા માટે બોલાવી રહ્યો હતો તો એ વખતે અબૂ બક્ર, ઉમર અને હુઝૈફા ક્યાં હતા ? એ સિવાય બીજા અસ્હાબે રસૂલ (સ.) ક્યાં હતા? કોઈ પણ મુકાબલા માટે ન નીકળ્યો. તે સતત પડકાર ફેંકી રહ્યો હતો કે મુસલમાનોમાં કોઈ એવો છે કે જે મારી સાથે એકલો મુકાબલો કરી શકે ? બધા ડરના માર્યા પાછા ખસી ગયા, સિવાય હઝરત અલી (અ.)ના. તેઓ ગયા અને તેને હલાક કરી નાખ્યો. ખુદાની કસમ કે જેના હાથોમાં હુઝૈફાની જાન છે, હઝરત અલી (અ.)નો એક દિવસનો અમલ તમામ સહાબાએ રસૂલ (સ.)ના કયામત સુધીના આમાલથી અફઝલ છે."

(હિશામ બિન મોહંમદે માઅરૂફ બિન ખરબૂખાના હવાલાથી બયાન કર્યું કે જે કહે છે કે :)

જંગે ખંદકના મોકા ઉપર અલી ઈબ્ને અબી

તાલિબ (અ.) આવા અશ્આર પઢી રહ્યા હતા :

- *મારા દોસ્તોને મારા બારામાં બતાવો કે જ્યારે ઘોડા દોડાવતા દોડાવતા લોકો મારી તરફ ઝપટી રહ્યા હતા.*
- *એ દિવસે મારો જોશ માત્ર (પયગમ્બર (સ.) ની હિફાઝત)ના માટે હતો. હુ જંગના મેદાનથી કેવી રીતે નાસી જાત ?*
- *મારી ધારદાર તલવાર મસ્તકને કાપી રહી હતી - બુઠ્ઠી ન હતી.*
- *મેં અમ્રને બરબાદ કરી નાખ્યો કેમકે તે જાલિમ હતો અને મારી તલવાર ખાલિસ લોખંડની હતી અને તેજીથી કામ કરી હતી.*
- *હું તેની પાસેથી ત્યારે ખસી ગયો કે જ્યારે તે ખજૂરના ઝાડની માફક કપાઈને પડી ગયો. તે જગ્યા રણપ્રદેશ અને પહાડીની વચ્ચે આવેલી હતી.*
- *મેં તેનાં કપડાં ન ઉતાર્યાં, જો કે તે મને હલાક કરી દેત તો ચોક્કસ મારાં કપડાં લઈ જાત.*

(યૂનુસ બિન બક્રએ મોહંમદ બિન ઈસ્હાકના હવાલાથી બયાન કર્યું છે કે :)

"જ્યારે અલી ઈબ્ને અબી તાલિબ (અ.)એ અમ્રને કતલ કરી નાખ્યો તો આપ (અ.) પયગમ્બરે ખુદા (સ.)ની ખિદમતમાં હાજર થયા. એ વખતે આપ મુશ્કુરાઈ રહ્યા હતા. ઉમરે આપને પૂછ્યું, અય અલી ! શું આપે તેનાં હથિયાર માલે ગનીમત સમજીને લૂંટી લીધાં છે ? કેમકે એ અરબનો મશહૂર લડવૈયો છે."

અમીરુલ મોમિનીન (અ.)એ જવાબ આપ્યો, "તે મારા રિશ્તામાં ભાઈ છે અને મને શરમ આવી કે તેના શરીરને ઊઘાડું કરી દઉં." (ક્રમશ:)


મો. સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર ખે.)મો.99244 18243

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર ખે.)મો.9898435800

**કામરાન એક્રેલીક**

**& L.E.D. સાઈન બોર્ડ**




- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

ઓફીસઃ ન્યુ ચીરાગ L.E.D. હાઉસ બસ સ્ટેન્ડ પાસે વડનગર

Email ; newchiragled@gmail.com

હલ્કા ઈર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : હલાલ અને હરામ વિષે

૬

પ્રસ્તુતકર્તા : મોલ્વી મો.આબિદહુસૈન ઈસ્માઈલભાઈ સુથાર (શેખપુર)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

يٰٓاَيُّهَا النَّاسُ كُلُوْا مِمَّا فِى الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ۭ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿١٦٨﴾

*(હે લોકો ! જમીનમાંથી (નીકળતી) હલાલ તથા પાક વસ્તુઓ ખાઓ અને શયતાનના પગલે ચાલો નહીં બેશક તે તમારો ખુલ્લો દુશ્મન છે.)* (સૂરએ બકરા, આયત-૧૬૮)

આ આયતમાં અલ્લાહે લોકોને સંબોધીને કહ્યું છે, યા અય્યોહન્નાસ ! એટલે કે હે લોકો ! જમીનમાંથી નીકળતી વસ્તુઓ ખાઓ, પરંતુ હલાલ. અલ્લાહે એમ નથી કહ્યું કે જમીનમાંથી નીકળતી બધી વસ્તુઓ ખાઓ. અહીં ફક્ત હલાલ તરફ ઈશારો છે. તો હવે કઈ કઈ વસ્તુઓ હલાલ છે તે આપણે હદીસની રોશનીમાં જોઈશું. અલ્લાહ આગળ કહે છે શયતાનના પગલે ચાલો નહીં. તો આ એ જ શયતાનની વાત છે કે જે વસ્તુઓ અલ્લાહે હરામ કરી છે, એમની તરફ પ્રેરાઓ નહીં, કારણ કે જે હરામ તરફનો રસ્તો છે તે શયતાનનો રસ્તો છે એટલે કે શયતાનની પેરવી કરવા બરોબર છે અને શયતાનની ઓળખાણ આપતાં કહ્યું છે કે એ તમારો ખુલ્લો દુશ્મન છે.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં બીજી એક જગ્યાએ ફરમાવે છે :

فَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۠ وَّاشْكُرُوْا نِعْمَتَ اللّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿١١٤﴾

*(માટે અલ્લાહે તમને જે કાંઈ આપ્યું છે તેમાંથી હલાલ અને પાક વસ્તુઓ ખાઓ અને અગર અલ્લાહના જ બંદા બનવા ચાહતા હો તો તેની નેઅમતોનો શુક્ર કરતા રહો.)* (સૂરએ નહલ, આયત-૧૧૪)

વળી એક અન્ય આયતને સમજીએ.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

قُلْ اَرَءَيْتُمْ مَّآ اَنْزَلَ اللّٰهُ لَكُمْ مِّنْ رِّزْقٍ فَجَعَلْتُمْ مِّنْهُ حَرَامًا وَّحَلٰلًا ۭ قُلْ آٰللّٰهُ اَذِنَ لَكُمْ اَمْ عَلَى اللّٰهِ تَفْتَرُوْنَ ﴿٥٩﴾

*(તું કહે કે જરા તો વિચાર કરો કે અલ્લાહે જે કાંઈ આજીવિકા તમારા માટે ઉતારી છે તેમાંથી કોઈ*

*(વસ્તુ)ને તમોએ હરામ ઠરાવી છે અને કોઈને હલાલ. પૂછ કે શું અલ્લાહે તે (તેમ કરવા)ની તમને પરવાનગી આપી છે અથવા તમે અલ્લાહ પર (વિના કારણે) આળ મૂકો છો ?)* (સૂરએ યૂનુસ, આયત-૫૯)

અલ્લાહે વસ્તુને હરામ કરી છે કે હલાલ તે નક્કી કરવાનો અધિકાર માણસને આપ્યો નથી પણ તે અધિકાર તો ફક્ત અલ્લાહનો જ છે. તેણે જેને હલાલ કહ્યું, તે હલાલ છે અને જેને હરામ કહ્યું, તે હરામ છે.

ખોરાક તેમજ પીણાં માનવજાત માટે ઘણાં જરૂરી છે. અલ્લાહે આ વિષે સ્પષ્ટ હિદાયત કરી છે કે શું ખાવું અને શું ન ખાવું. તેની સાથે સાથે આપણને ખાવાના આદાબ વિષે પણ હિદાયત કરવામાં આવી છે. માટે મુસલમાન માટે ખાવું પીવું એક વસીલો થઈ જાય છે, જેના વડે તે અલ્લાહની નેઅમતોને યાદ કરે છે અને ખાતા પીતા સમયે શરીઅતના નિયમોનું પાલન કરીને, તે પોતાના દીન પ્રત્યેની તેની લાગણી દર્શાવે છે. તેની સાથે સાથે અલ્લાહે ખાવાની ટેવને સામાજિક એકતા કાયમ કરવાનું એક કારણ બનાવી દીધું છે.

આજે આપણે હલાલ અને હરામ રોજી વિશેની ચર્ચા કરીશું કારણ કે હલાલ રોજી એ પણ ઈબાદતનો એક ભાગ છે. હઝરત રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "ઈબાદતના ૭૦ પ્રકાર છે, તેમાંથી સૌથી શ્રેષ્ઠ ઈબાદત હલાલ રોજી મેળવવી તે છે."

એટલે કે જો માણસ પોતાના તથા પોતાની ઓલાદ માટે અલ્લાહે બતાવેલા રસ્તેથી રોજી મેળવે, તો તે હલાલ છે અને ઈબાદતની અંદર શામિલ છે. હલાલ રોજી ખાવાથી ઈન્સાનને હંમેશાં ફાયદો છે, દુન્યવી રીતે અને આખેરતની દ્રષ્ટિએ પણ ફાયદાકારક છે, શારીરિક રીતે પણ ઘણો જ ફાયદો છે. દિલને એક શાંતિ મળે છે અને સારા વિચારોમાં એ ગરકાવ રહે છે એટલે જ તો આપ (સ.)ની પ્રખ્યાત હદીસ છે કે, "જે માણસ ૪૦ દિવસ સુધી હલાલ રોજી ખાશે તો અલ્લાહ તઆલા તેના દિલને રોશન કરી દેશે.

(ઈર્શાદાતે રસૂલ, પેજ-૨૮૫)

એક અન્ય હદીસમાં રસૂલે ખુદા (સ.) ફરમાવે છે કે, "મારું હલાલ કરેલું કયામત સુધી હલાલ છે અને મારું હરામ કરેલું કયામત સુધી હરામ રહેશે. (ઈર્શાદાતે રસૂલ, પેજ-૨૮૫)

તો આ બધી અહાદીસથી સાબિત થાય છે કે હલાલની રોજીમાં ખૂબ જ ફાયદા છે પણ શરત છે હલાલ અને હરામની ઓળખ કરવાની. રોજી આપનાર અલ્લાહ છે પણ ધ્યાન રહે કે એ પોતે રોજી લેનારો માણસ છે.

આપ (સ.) કહે છે કે, "રૂહુલ અમીન જિબ્રઈલ (અ.)એ મને ખબર આપી છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે કોઈ સજીવ ચીજ ત્યાં સુધી નથી મરતી કે જ્યાં સુધી તે પોતાની રોજી પૂરેપૂરી મેળવી ન લે, પરંતુ ખુદાથી ડરતા રહો અને તમે સારું કબૂલ કરો અને એ વાતનું યકીન રાખો કે રોજીના બે પ્રકાર છે; એક રોજી તમને શોધે છે અને બીજી રોજીને તમે શોધો છો. બસ, તમે હલાલ તરીકાથી રોજી મેળવો કેમકે અગર તમે હલાલ તરીકાથી રોજી શોધશો તો હલાલ ખાશો અને જો હલાલ તરીકાથી રોજી નહીં મેળવો તો તમે હરામ ખાશો. આવી રીતે તમને રોજી મળશે કે જેને ખાવા પર તમે મજબૂર થઈ જશો.''

(ઈર્શાદાતે રસૂલ, પેજ-૨૮૬, હદીસ-૮૬૩)

જો આપણે રોજીને શોધતા હોઈએ તો આપણા માટે જરૂરી છે કે પહેલાં ચકાસી લઈએ કે તે હલાલ છે કે હરામ. તેના અનુસંધાનમાં એક પ્રસંગ જોઈએ. એક વાર હઝરત અલી (અ.) એક ઘોડા ઉપર બેસીને મસ્જિદ પાસે આવ્યા, ત્યાં આવ્યા પછી પોતાના ઘોડાને એક માણસના હવાલે કરીને કહ્યું, "અય ભાઈ! હું નમાઝ પઢીને આવું ત્યાં સુધી તું આ ઘોડાનું ધ્યાન રાખજે, આવ્યા પછી હું તને રાજી કરી દઈશ." આપે આગળ ઉમેર્યું, "ઘોડાને તને એટલા માટે સોંપ્યો છે કે જાનવરનો ભરોસો નથી, છૂટો મૂકું તો નાસી જાય અથવા કોઈ ચોરી જાય, જ્યારે માણસ બુધ્ધિમાન હોવાથી તેની સારસંભાળ રાખી શકે છે." આટલું કહીને આપ (અ.) મસ્જિદમાં ગયા. જ્યારે ઈબાદતથી પરવારીને બહાર આવ્યા તો જોયું કે ઘોડો ત્યાં ઊભો હતો, પરંતુ પેલો માણસ ઘોડાની લગામ કાઢીને નાસી ગયો હતો.

હઝરત અલી (અ.) ઘોડાને પોતાની સાથે લઈને ઘેર આવ્યા અને કમ્બર ગુલામને કહ્યું, જાઓ, બજારમાંથી બીજી લગામ લઈ આવો. મૌલાએ બે દિરહમ આપ્યા. કમ્બર ગુલામ બજારમાં ગયા અને લગામ લઈને પાછા આવ્યા અને આપ (અ.)ના હાથમાં આપી. ગુલામ કહેવા લાગ્યા, "આકા ! મને એ બતાવો કે આપે મને બરાબર બે દિરહમ જ કેમ આપ્યા ? ન એક કે ન ત્રણ." હઝરત અલી (અ.) કહેવા લાગ્યા, "અય કમ્બર ! તમે બજારમાં ગયા ત્યારે શું તમને એક માણસ મળ્યો હતો ?" કહ્યું, "હા." પૂછ્યું, "અય કમ્બર ! શું તેના હાથમાં એક લગામ હતી ?" કહ્યું, "હા." ફરમાવ્યું, "શું તમારો સોદો બે દિરહમમાં થયો ન હતો?" કહ્યું, "હા." કમ્બર ગુલામ કહેવા લાગ્યા, "આકા ! આપ જેવું કહો છો બરાબર એવું જ બન્યું છે, પણ તમને કેવી રીતે ખબર પડી ?

હઝરત અલી (અ.) કહેવા લાગ્યા, "અય કમ્બર ! તે લગામ વેચનાર એ જ હતો જે મારી લગામ ચોરી ગયો હતો. આ મારી જ લગામ છે કે જેને તમે ખરીદીને લાવ્યા છો. મારા નસીબમાં હતી એટલે મને પાછી મળી ગઈ, પણ પેલા માણસના નસીબમાં આજે બે દિરહમ હતા તે પણ તેને મળ્યા. તેના નસીબમાં આજે હલાલની રોજી કમાવવાની હતી પણ તેણે હરામ રીતે કમાણી કરી." કમ્બર ગુલામ કહેવા લાગ્યા, "એ કેવી રીતે ?" મૌલાએ કહ્યું, "મેં તેને વાયદો કર્યો હતો કે મસ્જિદમાંથી બહાર આવીને તને રાજી કરીશ એટલે કે મેં બે દિરહમ આપવાનો વિચાર કર્યો હતો પણ મારા બહાર આવ્યા પહેલાં તે લગામ ચોરી ગયો. તેના નસીબમાં હલાલની રોજી લખી હતી, પણ તેણે હરામ તરીકાથી તેની કમાણી કરી."

રોજી અલ્લાહ તરફથી હોય છે પણ તેને માણસ પોતાની બુધ્ધિથી કમાઈ શકે છે. જો અલ્લાહે બુધ્ધિ આપી જ છે તો પછી તેને સારા રસ્તે કેમ ન વાપરીએ ? અને કદીય હરામ તરીકાથી માલ ન કમાઈએ કે ન હરામ કામ કરીએ. એટલે જ તો પીર મશાયખ બાવા (રહે.અ.) હિદાયતનામામાં ફરમાવે છે :

**માલ હરામ ના લો, ના ચાખો,**

**જીભે તો જૂઠ કદી ના આખો.**

આપણને પીર મશાયખ બાવા (રહે.અ.) બતાવે છે કે હરામનું ખાશો નહીં અને જૂઠ કદી બોલશો નહીં કારણ કે બન્ને રસ્તાઓ શયતાનના છે. જૂઠ પણ હરામનો ભાગ છે. અને હરામનો માલ ખાવો પણ

ખરાબ બાબત છે.

આ તો એક જાણીતી બાબત છે કે આપણે જેવું ભોજન લઈએ તેવી અસર શરીર ઉપર થાય છે, પરંતુ આ બાબત ઉપર આપણે ધ્યાન આપતા નથી કે આપણે જેવું ભોજન લઈશું તેવી જ તેની અસર નફ્સ અને રૂહ ઉપર પણ પડશે. પાક ભોજન કે જેને હલાલ રોજી વડે મેળવેલું હોય અને શાંત મને ખાધેલું હોય તો તેવું ભોજન શરીર, નફ્સ અને રૂહ ઉપર ખૂબ જ સારી અસર કરે છે, પરંતુ નાપાક ભોજન શરીર, નફ્સ અને રૂહને નુકસાન પહોંચાડે છે.

નહ્જુલ બલાગામાં આપેલો અમીરુલ મોમિનીન (અ.)નો રોજી અને આજીવિકા વિષેનો કોલ જોઈએ: "અય આદમના પુત્ર ! રોજીના બે પ્રકાર છે; એક રોજી એ છે કે જેને તમે શોધો છો અને બીજી રોજી એ છે કે જે તમને શોધી રહી છે, જો તમે તેના સુધી નહીં પહોંચો તો તે તમારી પાસે આવી જશે એટલે એક વર્ષની ચિંતા, વ્યાધિને એક દિવસ પર ન લાદી દો. દરેક દિવસ માટે એ દિવસની ચિંતા કરવી પૂરતી છે, ત્યાર પછી જો તમારી ઉંમરમાં એક વર્ષ બાકી રહી ગયું હોય, તો દરેક આવવાવાળો દિવસ પોતાની રોજી પોતાની સાથે લઈને આવશે અને જો કોઈ વર્ષ બાકી નથી તો વર્ષભરની ચિંતાની જરૂર જ શી છે ? તમારી રોજીને તમારા પહેલાં કોઈ પામી નથી શકતો અને તમારા ભાગ પર કોઈ વર્ચસ્વ પામી શકતો નથી બલ્કે તમારા નસીબમાં જે લખાઈ ચૂક્યું છે તે વહેલે મોડે તમને મળીને જ રહેશે."

મૌલા અલી (અ.)ના આ કોલથી આપણને ઘણી હિદાયત મળે છે. પણ કહેવત છે ને કે 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર'. આપણે ઘણી વાર ચાહીએ છીએ કે હું સારું જ કમાઉ અને સારું વર્તન કરું, પણ સારું વિચારવા છતાંય તે ખરાબ થઈ જાય છે. એવી જ રીતે રોજી કમાવામાં પણ. આપણો ઈરાદો હલાલ કમાવાનો હોય પણ ઘણી વાર દુનિયાની મોહમાયામાં અથવા જરૂર કરતાં વધારે કમાવાના ઈરાદામાં સપડાઈ જઈએ છીએ અને શયતાન એનું કામ કરી નાખે છે. આપણા ઉપર કાબૂ મેળવી લે છે અને હરામના રસ્તે દોરી જાય છે, પણ જો આપણે કોશિશ કરતા રહીશું તો અલ્લાહ જરૂર સફળતા આપશે. વધારે પડતી હાય હાય ન કરવી જોઈએ. પૈસાની ચમકદમક જોઈને તેના તરફ આકર્ષાવું ન જોઈએ. પૈસો કેટલો જોઈએ છે ? અને કઈ જગ્યાએ વાપરવો છે ? આ બધું જો દિલમાં વણાયેલું હશે તો ઈન્શાઅલ્લાહ આપણું એકે એક કદમ હલાલના રસ્તે પડશે અને હલાલની કમાયેલી રોજી આપણને ફાયદો પહોંચાડશે અને શકય છે કે બીજાને પણ ફાયદો પહોંચાડશે.

**દુઆ :**

• યા અલ્લાહ ! તું અમને હલાલ અને હરામને ઓળખવાની નેક બુધ્ધિ આપજે.
• અમારાં શારીરિક અને માનસિક કાર્યોને હલાલના રસ્તે વાળજે.
• ઈલ્મમાં પણ અમને હલાલનું ઈલ્મ આપજે.
• અમને શયતાનના ફરેબથી બચાવજે.
• દરેક મોમિનને સાચા મોમિન બનાવજે... આમીન.

## કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૦ — સૂરએ અબસ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **જે ધર્મ તરફ બેદરકારી કરે છે. (૫)**

**તેના તરફ તો તું બહુ ધ્યાન આપે છે. (૬)**

**અને ખરું જોતાં પાવન નહીં થાય તો તારા ઉપર કાંઈ (દોષ) નથી. (૭)**

**અને તે કે જે તારી તરફ દોડતો આવે છે. (૮)**

**અને (અલ્લાહથી પણ) બીએ છે. (૯)**

**તો તેમનાથી તું દુર્લક્ષ કરે છે. (૧૦)**

اَمَّا مَنِ اسْتَغْنٰى : અર્થાત્ એવું નહીં થવું જોઈએ કે કોઈ દોલતમંદ આપની બારગાહમાં આવી જાય તો આપ એની તરફ વધુ લક્ષ આપે અને એ જ દરમિયાન જો કોઈ ગરીબ આવી જાય તો એની તરફ લક્ષ ન આપે, કેમકે કોઈ કાફિરનો દીનનો સ્વીકાર ન કરવો તમારા માટે નુકસાનકર્તા નથી, પણ મોમિનનું નારાજ થવું અને એનું વંચિત થવું નુકસાનકર્તા છે. આથી માલૂમ થયું કે કોઈ મુશરિક અને કાફિરને ઈમાનની દા'વત દેવા કરતાં મોમિનને ઈમાન પર અડગ રહેવાની તાકીદ કરવી વધુ સારું છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ખબરદાર! આ કુરઆન બેશક એક (મહાન) બોધપાઠ છે. (૧૧)**

**માટે જે ચાહે તે તેનું મનન કરે. (૧૨)**

**તે (લૌહે મહેફૂઝના) માનવંત પાનાઓમાં (લખેલું) છે. (૧૩)**

**ઊંચી પધ્ધતિએ ચઢાવેલા શુધ્ધ કરેલા (પાનાઓમાં) (૧૪)**

**(એવા) લખનારાઓના હાથથી. (૧૫)**

**કે જે સન્માનને પાત્ર (અને) સદાચારી છે. (૧૬)**

كَلَّآ اِنَّهَا : કુરઆને મજીદની તારીફ છે અને જેના વિષે વાત કહેવાઈ છે તે આયાતે ઈલાહીયા છે.

فِيْ صُحُفٍ مُّكَرَّمَةٍ : અર્થાત્ કુરઆને મજીદ અલ્લાહની બરકતવંતી અને મહાન કિતાબોમાં સુરક્ષિત છે અને એનાથી મુરાદ લૌહે મહેફૂઝ છે કાં પછી આગલી કિતાબો છે.

مَّرْفُوْعَةٍ : કાં તો આનાથી મુરાદ શાનની બુલંદી છે કે કાં તો પછી મકાનની બુલંદી છે કે જે સાતમા આસમાન પર છે.

عَةٍ مُّطَهَّرَةٍ : અર્થાત્ નજાસતથી પાક છે અથવા શંકાકુશંકાથી ઉચ્ચતર છે.

سَفَرَةٍ : સફીરનું બહુવચન છે અને એનાથી મુરાદ મલાએકા છે કાં તો પછી મુત્લક હામિલે કુરઆન છે કે જે કુરઆન પર અમલ પણ કરે છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ગારત થાય ઈન્સાન ! તે કેવો ઉપકાર ભૂલનારો છે ! (૧૭)**

**તેને તે (ખુદા)એ કઈ વસ્તુથી પેદા કર્યો છે ?(૧૮)**

**વીર્યના એક ટીપામાંથી તેણે તેને પેદા કર્યો; પછી તેના માટે અંદાજો નક્કી કર્યો. (૧૯)**

**પછી તેના માટે માર્ગ આસાન કરી દીધો. (૨૦)**

**પછી તેને મૃત્યુ આપ્યું, ત્યાર બાદ તેને કબરને**

**હવાલે કર્યો. (૨૧)**

**પછી જ્યારે તે ચાહશે ત્યારે તેને (પાછો) સજીવન કરી ઉઠાડશે. (૨૨)**

**ખરી વાત એ છે કે અલ્લાહે તેને જે હુકમ આપ્યો છે તે તેણે બજાવ્યો જ નથી. (૨૩)**

قُتِلَ الۡاِنۡسَانُ : આ ચેતવણી અને મલામત છે અને 'مَاۤ اَکۡفَرَہٗ' આશ્ચર્યકારક ક્રિયાપદનું પદ છે હેતુ આ છે કે ઈન્સાન બુધ્ધિવાન અને સમજદાર હોવા છતાં ચિંતન કેમ નથી કરતો અને એના પર અફસોસ છે કે પોતાના સર્જનહારને પણ નથી સમજી શકતો એણે મનમાં ચિંતનમનન કર્યું હોત તો કોઈ પણ ચીજ એને તોહીદની મારેફતથી અટકાવી શકત નહીં કેમકે એવી કોઈ વાત નથી કે જે એને કુફ્રની દા'વત આપે. સૌથી પહેલાં તો એણે વિચારવું જોઈએ કે મને કઈ ચીજથી બનાવવામાં આવ્યો છે તો દેખીતું કે એને નુત્ફા (વીર્યબિંદુ)થી જન્માવવામાં આવ્યો છે એવો નુત્ફો કે જેમાં જિંદગી ન હતી, ન હલનચલન, ન સમજભાન. માત્ર એક નકકી કરાયેલી મુદતની અંદરઅંદર એના શરીરના અવયવોનું બની જવું, ગોશ્તનું પેદા થઈ જવું, હાડકાં અને પાંસળીઓનું જગ્યાજગ્યાએ મોજૂદ થઈ જવું અને પછી પૂરા શરીરમાં લોહીની નળીઓથી જાળ બિછાવી જવી અને અંદરના તેમજ બહારના સર્વે અવયવોની નકકી થયેલી બનાવટ અને હિકમતપૂર્ણ એમનું પોત પોતાની જગ્યા પર કામમાં લાગી જવું, એ બધી ચીજો ખાલિક (સર્જનહાર)ના વજૂદ અને એના એક હોવાની રદ કરી ન શકાય એવી દલીલો છે. જો કોઈ નસ થયેલા પ્રમાણથી વધી જાય તો બીમારી અને મુસીબત, અને દેખીતું છે કે પાણીના નુત્ફામાં કોઈ રૂહ અને શકિત ન હતી, પરંતુ માના પેટમાં એક નકકી કરાયેલી મુદત પછી એ કયાંથી આવી અને કેમ કરીને આવી ? માનવું પડે છે કે આ કારખાનાની વ્યવસ્થા ચલાવનાર એ અલ્લાહ જ છે કે જે અસ્બાબની હકીકતોને જાણે છે અને યોગ્ય લાગે ત્યારે સર્જનની ફરજ પૂરી કરે છે. આમ માના પેટમાં જ એણે એનું પ્રમાણ નકકી કરી દીધું કે કેવું હશે ? કેટલું હશે ? જિંદગી કેટલી પામશે વગેરે અને એ મોહસિને હકીકી એ માટે લાયક છે કે એનો શુક્ર અદા કરવામાં આવે. આમ એક સમય સુધી માના પેટમાં રહેવા પછી એના જન્મનો માર્ગ સરળ કરનાર પણ એ જ ખુદા છે. ત્યાર બાદ જિંદગી પછી મોત અને એના પછી કબરમાં રાખનાર, પછી કયામતના દિવસે એને જીવતો કરીને એનો હશ્ર કરનાર પણ એ જ ખુદા છે. આથી અલ્લાહે ઈન્સાનને જે શુક્ર અદા કરવાનો આદેશ આપ્યો છે તો જો બંદો શુક્ર કરે તો હજાર કોશિશ કરવા છતાં પણ એનો હક અદા કરી શકે નહીં. (ક્રમશઃ)


Abbas Ali
9925637429

Manjur Ali
9662238925

JYOTI ELECTRIC

**જ્યોતિ ઈલેકટ્રીક**

ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ,
તથા ઓફિસના ઈલેકટ્રીક
માલ-સામાન અમારા
ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.

ઈસ્ત્રી, હીટર અને ગ્રીઝર મળશે.

Hi-Fi MODULAR
RR KĀBEL
Rapid Electric accessories
Finolex Cables Limited
Crompton Greaves EVERYDAY SOLUTIONS

(ગામ : સેદ્રાણાવાળા)

જી-૮૦, સામર્થ કોમ્પલેક્ષ,
હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**જનાબે હુસૈન (અ.)ના ફઝાએલનું વર્ણન**

(૫) અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત છે કે તેહકીકપૂર્વક સરવરે આલમ (સ.)એ ફરમાવ્યું હસન અને હુસૈન આં બન્ને મારા બે ફૂલના છોડ છે.

(૬) અબીબ્રકથી રિવાયત છે કે તેહકીકપૂર્વક રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું કે બન્ને આખી દુનિયામાં મારા બેટા, મારા બે ફૂલના છોડ છે.

(૭) અનસ બિન માલિકથી રિવાયત છે કે હું એક વખત જનાબે રિસાલત મઆબ (સ.)ની હુઝૂરમાં ગયો અને જનાબે હસન અને હુસૈન (અ.) આપની પેટ મુબારક ઉપર સૂઈ રહેલા હતા. અને આપ (સ.) ફરમાવી રહ્યા હતા, મારી ઉમ્મતમાંથી આં બન્ને મારા ફૂલના છોડ છે.

(૮) સલ્માન (રઝી.અ.)થી રિવાયત છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે જેણે જનાબે હસન અને હુસૈનને દોસ્ત રાખ્યા તેને અને જેમને દોસ્ત રાખ્યા છે તેમને મેં અને અલ્લાહે દોસ્ત રાખ્યા અને જેણે આ બન્નેને દુશ્મન જાણ્યા તો દુશ્મન જાણ્યા મેં તેમને અને જેને દુશ્મન જાણ્યા મેં અલ્લાહે તઆલાહે તેમને દુશ્મન જાણ્યા.

(૯) અબૂ નઈમ કહે છે કે ઈબ્ને ઉમરની પાસે બેઠેલો હતો એવામાં એક ઈરાકના માણસે આવીને મચ્છરના ખૂનની બાબતમાં પૂછ્યું કે જો કદાચ કપડા ઉપર લાગી જાય તો તેનો શું હુકમ છે. ઈબ્ને ઉમરે કહ્યું, આ આદમી નિ તરફ જુઓ કે મચ્છના ખૂનની બાબતમાં પૂછવા માગે છે જો કે આ બન્નેએ જનાબે રસૂલલ્લાહ ! (સ.)ના બેટાને કતલ કર્યા છે અને તેહકીકપૂર્વક મેં જનાબે રસૂલલ્લાહ (સ.)થી સાંભળ્યું છે કે હસન અને હુસૈન બન્ને દુનિયામાં મારા માટે ફૂલના નવા છોડ છે.

(૯) અબૂ અય્યૂબ અન્સારી (રઝી.અ)થી રિવાયત છે કે એક વખત હું સરવરે આલમ (સ.) ની ખિદમતે બાબરકતમાં ગયો અને જનાબે ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) હુઝૂર (સ.)ની સામે રમી રહ્યા હતા. મેં અરજ કરી, યા રસૂલલ્લાહ ! શું આપ એમની સાથે મોહબ્બત રાખો છો ? આપ (સ.)એ ફરમાવ્યું, કેમ ન રાખું એમની સાથે મોહબ્બત ? વળી જોકે આ બન્ને આ દુનિયામાં મારા બે નવા ફૂલ છોડ છે.

(૧૦) ઉસામા બિન ઝૈદ ઈબ્ને હારેસા કહે છે કે એક રાતે મેં એક હાજત માટે જનાબે રિસાલત મઆલ (સ.)ના હુજરા મુબારકની દરવાજાની સાંકળા ખખડાવી. હુઝૂર (સ.) બહાર આવ્યા. હઝરત (સ.)ની ગોદમાં કોઈ વસ્તુ હોય એવું લાગતું હતું. મને ખબર ન હતી કે તે કઈ વસ્તુ છે કે. જયારે હું મારી જરૂરિયાતને બયાન કરી ચૂક્યો તો મેં અરજ

કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરની ગોદમાં શું છે છે ? આપે પોતાની ચાદરને ખોલી દીધી. જનાબે ઈમામ હસન અને હુસૈન (અ.) ગોદમાં હતા. આપ (સ.) એ ઈરશાદ ફરમાવ્યો, આ મારી બેટીના બેટાઓ છે અય ખુદા ! તું જાણે છે કે હું તેમને પ્યાર કરું છું, તું પણ તેમની સાથે પ્યાર કર.

(૧૧) બુરૈરા (રઝી.અ.)થી રિવાયત છે કે એક વખત જનાબે પયગમ્બરે ખુદા (સ.) ખુત્બો પઢી રહ્યા હતા તેવામાં જનાબે ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.) પડતા પછડાતા તશરીફ લાવ્યા. તેમના ગળામાં લાલ રંગના કૂરતા હતા. હુઝૂર (સ.) તેમને જોઈને મિમ્બરે ઉપરથી નીચે ઊતરી પડયા અને તેમને ઉઠાવી લીધા અને પોતાની સામે બેસાડી દીધા પછી ફરમાવ્યું કે અલ્લાહ અને અલ્લાહના રસૂલ (સ.)એ સાચું કહ્યું છે કે સિવાય તેના નથી કે તમારો માલ અને તમારી ઓલાદ ફિત્નો છે. મેં આ લડકાઓને ચાલતા અને પડી જતા જોયા અને મારામાં સબ્ર ન રહ્યો એટલે સુધી કે મેં મારી વાતને કાપી નાખીને તેમને ઉઠાવી લીધા.

(૧૨) ઉકબા બિન આમિરથી રિવાયત છે કે જનાબે રસૂલ ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે હસન અને હુસૈન બન્ને અર્શની શમશીરો છે કે લટકતી નથી.

(૧૩) યઅલી બિન માર્રાથી મન્કૂલ છે કે જનાબે નબીએ કરીમ (સ.) એ ફરમાવ્યું છે કે હસન અને હુસૈન બે સિબ્ત (નવાસા) છે અસ્બાત (નવાસાઓ)માંથી.

(૧૪) અનસ કહે છે કે જનાબે પયગમ્બરે આખેરુઝઝમાન (સ.)એ ફરમાવ્યું છે કે મારી બધી અહલેબૈતથી મને વધારે પ્રમાણમાં પ્યારા હસન અને હુસૈન છે. (ક્રમશ:)




ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

'બોસ્તાન'માંથી ચૂંટેલી પંક્તિઓ

**ADMINISTRATION (સંચાલન/વહીવટ)**

(ગતાંકનું ચાલુ)

قلمزن که بد کرد با زیر دست
قلم بهتر او را به شمشیر دست
مدبّر که قانون بد مینهد
تو را میبرد تا به دوزخ دهد

**કલમઝન કે બદ કર્દ બા ઝેરે દસ્ત**
**કલમ બહેતર અવ રા બેશમશીર દસ્ત**
**મુદબ્બિર કે કાનૂન બદ મૈનહદ**
**તૂ રા મીબરદ તા બે દોઝખ દહદ**

*(એવા કારભારીના હાથ કાપી નાખવા વધારે સારી બાબત છે કે જે પોતાના હાથ નીચે કામ કરનારા માણસો પ્રત્યે નિર્દયી હોય. કાયદો ઘડનારો પોતે જ જો ખરાબ કાયદા ઘડતો હોય તો તે તમને પોતાની સાથે જહન્નમમાં ઘસડી જશે.)*

خداترس را بر رعیّت گمار
که معمار ملکست پرهیزگار
بداندیش تست آن و خونخوار خلق
که نفعِ تو جوید در آزارِ خلق

**ખુદાતરસ રા બર રઈય્યત ગમાર**
**કે મેઅમાર મુલકસ્ત પરહેઝગાર**
**બદાનદીશ તસ્ત આન વ ખૂંખ્વાર ખલક**
**કે નફએ તૂ જવીદ દર આઝારે ખલક**

*(કારભારી તરીકે ખુદાથી ડરનારા માણસની નિમણૂક કરો કેમકે ગુણવાન માણસ એક આબાદ મુલકનો ઘડવૈયો હોય છે. પરંતુ જે માણસ તમને લાભ પહોંચાડવા માટે લોકોને નુક્સાન પહોંચાડે છે તે હકીકતમાં તો તમારું બૂરું ઈચ્છનારો લોહી તરસ્યો જાલિમ છે.)*

## કા'બાની અંદરની કેટલીક વિગતો



- કા'બાની અંદરના ભાગમાં બારીઓ નથી.
- કા'બાની અંદરના ભાગમાં ત્રણ થાંભલા છે.
- કા'બાની અંદર જવા માટે ફક્ત એક જ દરવાજો છે.
- કા'બાની અંદરની બાજુએ કોઈ વિદ્યુત લાઈટ્સ નથી.
- અંદરની દીવાલો ઉપર છત તરફ અડધે સુધી માર્બલ લગાવેલા છે.
- માર્બલમાં કુરઆની લખાણવાળી તખ્તીઓ જડેલી છે.
- કા'બાની અંદરના ભાગમાં પચાસ માણસો બેસી શકે તેટલી જગ્યા છે.
- છતની પાસે આવેલા ક્રૉસ બીમ ઉપર લટકતા બે ફાનસ જેવા લેમ્પસ છે.
- એક બાજુ એક નાનકડું ટેબલ છે કે જેના ઉપર પરફ્યુમ્સ અને અગરબત્તી જેવી વસ્તુઓ મૂકવામાં આવે છે.
- થોડોક ભાગ કે જેને 'રૂખ્મત હુમ્રા' કહેવાય છે તેને બાદ કરતાં બાકીનું સમગ્ર ભોંયતળિયું માર્બલનું બનેલું છે.
- દીવાલોનો ઉપરનો ભાગ સોનાના તારથી ભરતગૂંથણ કરેલી કુરઆનની આયતોવાળા લીલા કાપડથી આચ્છાદિત છે.

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Tradition and Innovation** (પરંપરા અને નવા ફેરફારો)

  Tradition sustains civilisation, innovation strengthens it. Without tradition, innovation is impossible.

  પરંપરા, સંસ્કૃતિને જાળવી રાખે છે, તેમાં કરેલા ફેરફારો તેને મજબૂત બનાવે છે, પરંપરા વગર નવા ફેરફારો કરવા અશક્ય છે.

- **Intoxication** (નશો / કેફ)

  Intoxication is good, alcohol is bad. Drink from the stream of love. Get intoxicated.

  નશો સારી બાબત છે, પરંતુ શરાબ ખરાબ વસ્તુ છે. ઈશ્કના ઝરણામાંથી (જામ) પીઓ. મદહોશ બનો.

- **Satire** (કટાક્ષ)

  Satire is an art which teaches people to laugh at things which they either forget or are afraid to laugh at. Satire breaks through political correctness and shows things to people in their ideal perspective.

  કટાક્ષ એક એવી કલા છે કે જે લોકોને એવી વસ્તુઓ તરફ હસવાનું શીખવે છે કે જે તેઓ કાં તો ભૂલી જાય છે અથવા તો તેના તરફ હસવામાં ગભરાતા હોય છે. કટાક્ષ રાજકારણની ચોકસાઈને કોરાણે મૂકી દે છે અને લોકોને વસ્તુઓનું આદર્શ યથાદર્શન કરાવે છે.

- **Sixth Sense** (છઠ્ઠી ઈન્દ્રિય)

  When one’s five senses are prevented from reaching the Truth, one reaches the Truth with his sixth sense.

  જ્યારે કોઈની પાંચેય ઈન્દ્રિયો હક સુધી પહોંચાડતાં રોકાઈ જાય ત્યારે તે છઠ્ઠી ઈન્દ્રિય દ્વારા હક સુધી પહોંચી જાય છે.

- **Childhood** (બાળપણ)

  There are lots of things which are done correctly in childhood. People forget how to do them correctly as they grow old. People who are able to maintain correctness of such things throughout their life, attain greatness.

એવી ઘણી બાબતો છે કે જે ચોકસાઈપૂર્વક બાળપણમાં કરવામાં આવે છે. લોકો જેમ જેમ મોટા થતા જાય છે તેમ તેમ ભૂલી જાય છે કે તેમને ચોકસાઈપૂર્વક કેવી રીતે બજાવી લાવવી. જે લોકો આવી બાબતમાં ચોકસાઈને જાળવી રાખે છે, તેઓ મહાનતા પ્રાપ્ત કરે છે.

- **Omnipotence** (સર્વશક્તિમાનતા)

  Can one descend while ascending? Taking into account the implications of God's Omnipotence, it seems possible - if God wills.

  ઉપર ચઢતી વખતે શું કોઈ નીચે ઊતરી શકે ખરો ? અલ્લાહ તઆલાનું સર્વશક્તિમાનપણું શામેલ છે એ બાબતને ધ્યાનમાં લેવાથી તો ઈન્શાઅલ્લાહ તે શક્ય લાગે છે.

- **Reality** (હકીકત / વાસ્તવિકતા)

  Beneath the heap of what's apparent, lies what's real. In training our senses to perceive the reality, lies success of our lives.

  જે દેખાતું હોય છે તેના ઢગલાની નીચે હકીકત રહેલી હોય છે. આપણી ઈન્દ્રિયોને હકીકતને નિહાળવા માટેની તાલીમ આપવામાં જ આપણા જીવનની કામયાબી રહેલી છે.

- **Morality** (નૈતિકતા / સદાચાર)

  If you see anything up for grabs, don't go for it.

  જો તમને તફડાવી લેવા જેવી કોઈ વસ્તુ નજરે પડે તો તેને લેવા જતા નહીં.

- **Love** (પ્રેમ/મોહબ્બત)


  Learn to love yourself. It will teach you how to love others. This, in turn, will teach others how to love you.

  તમારી જાત સાથે મોહબ્બત કરતાં શીખો. તે બાબત તમને બીજાઓ સાથે મોહબ્બત કેવી રીતે કરવી તે શિખવશે. વળી બદલામાં આ જ બાબત બીજાઓને પણ શિખવશે કે તેમણે તમારી સાથે કેવી રીતે મોહબ્બત કરવી.

**ગડમથલ નં.૨૫૪નો ઉકેલ**

આડી ચાવીઓ : (૧) શબ (૩) ખાદિમ (૫) અદબ (૭) નિસાર (૮) દુખ્ખાન (૯) બુખાર (૧૦) હબીબ (૧૧) હલીલ (૧૪) ઝાહિર (૧૬) અઝાન (૧૮) શબાબ (૧૯) સવાબ (૨૦) જરીર (૨૨) તમીઝ ઊભી ચાવીઓ : (૧) બહરેસખા (૪) મહેર (૫) અસદુલ્લાહ (૬) લદનસીલ (૭) નિગાહ (૧૨) ખરાશ (૧૩) તરબતર (૧૫) રકાબ (૧૬) નહેરવાન (૧૯) સલાત (૨૧) જાં

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



# મીર અનીસના મરસિયા

**મરસિયા—૨**

**مرثیہ-۲**

ખાતૂને જન્નત હઝરત ફાતેમા ઝહરા (અ.) અને સાનીએ ઝહરા હઝરત ઝૈનબ (અ.)ની વિશેષતા તેમજ પોતાના બન્ને પુત્રોને ઇમામ હુસૈન (અ.) પર ફિદા થવાની તેમની તાકીદ

**ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

خاتونِ جنّت حضرت فاطمہ زہراؑ اور ثانیِ زہرا حضرت زینبؑ کی توصیف اور حضرت زینبؑ کی اپنے بیٹوں کو امام عالی مقامؑ پر فدا ہونے کی تاکید

**عونؑ و محمدؑ کی شہادت**

ગતાંકનું ચાલુ

آفاق میں زہراؑ کا نہیں ہے کوئی ہمسر    زوجہ اسداللہ کی اور بنتِ پیمبرؐ
حوّا کا شرف نورِ خدا عرش کا زیور    قرآں میں جسے یاد کرے خالقِ اکبر
ثانی کوئی زہراؑ کا نہ ہوگا نہ ہُوا ہے
ہاں حضرتِ زینبؑ کو جو کہیے تو بجا ہے

**આફાકમેં ઝહરાકા નહીં હે કોઈ હમસર    ઝૌજા અસદુલ્લાહકી ઔર બિન્તે પયમ્બર**
**હવ્વા કા શરફ નૂરે ખુદા, અર્શકા ઝેવર    કુરઆંમેં જિસે યાદ કરે ખાલિકે અકબર**
**સાની કોઈ ઝહરાકા ન હોગા ન હુવા હે**
**હાં, હઝરતે ઝૈનબકો જો કહીયે તો બજા હે**

(દુનિયામાં હઝરત ઝહરા (અ.)ની બરોબરી કરે તેવું કોઈ નથી. આપ (અ.) અલ્લાહના સિંહ, હઝરત અલી (અ.)નાં ઝૌજા છે, અને પયગમ્બર (સ.)નાં દીકરી છે, આપ (અ.) જનાબે હવ્વાની ઈજ્જત, ખુદાનું નૂર અને અર્શનું ઘરેણું છે. મહાન સર્જનહાર અલ્લાહ તઆલા તેમને કુરઆનમાં યાદ કરે છે. હઝરત ઝહરા (અ.)નો કોઈ સાની થયેલ નથી કે થશે પણ નહીં. હાં, હઝરત ઝૈનબ (અ.)ને તેમનાં સાની કહેવામાં આવે તો તે બાબત યોગ્ય છે.)

ان کی بھی وہ عزت ہے جو زہراؑ کی ہے توقیر    ساری وہی سیرت وہی صورت وہی تقریر
لختِ جگر شیرِ خدا صاحبِ تطہیر    مخدومۂ عالم شے کونین کی ہمشیر
ممتاز کیا حق نے نواسی کو نبیؐ کی
عصمت تھی جو زہراؑ کی تو شوکت تھی علیؑ کی

**ઉનકીભીવોઈઝ્ઝતહેજોઝહરાકીહેતૌકીર**
**સારી વહી સીરત વહી સૂરત વહી તકરીર**

**લખ્તે જિગરે શેરે ખુદા સાહેબે તત્હીર**
**મખ્દૂમા એ આલમ શહે કૌનૈનકી હમશીર**

**મુમ્તાઝ કિયા હકને નવાસીકો નબીકી,**
**ઈસ્મતથીજોઝહરાકીતોશૌકતથીઅલીકી.**

(એમની (એટલે કે બીબી ઝૈનબની) એટલી જ ઈજ્જત છે કે જેટલી ઈજ્જત જનાબે ફાતેમા ઝહરા (સ.)ની છે. પ્રભાવ પણ એવો જ, જીવનશૈલી પણ એવી જ, સૂરત અને તકરીર કરવાની શૈલી પણ એવી જ. જનાબે ઝૈનબ (અ.) શેરે ખુદાના જિગરનો ટુકડો અર્થાત દીકરી છે અને તત્હીરનાં માલિક છે. વિશ્વમાં પ્રતિષ્ઠિત અને બન્ને જગતના બાદશાહ એવા ઈમામ હુસૈન (અ.)નાં તે સગાં બહેન પણ છે. અલ્લાહ તઆલાએ નબી (સ.)ની નવાસીને વિશેષતા આપી દીધી. આપ (અ.) જનાબે ઝહરા (અ.)ની ઈસ્મત ધરાવતાં હતાં તો મૌલા અલી (અ.)નો દબદબો ધરાવતાં હતાં.)

فاقوں میں شکایت نہ کبھی لب تلک آئی
سو شکر کیے نانِ جویں ایک جو کھائی

تھی آسیہ کا فخر یداللہ کی جائی
فِضّہ کی جگہ کرتی تھی خود آسیہ سائی

جو پاس ہُوا صرف کیا راہِ خدا میں
زہراؑ کی طرح ہوتے تھے پیوندِ ردا میں

**ફાકોંમેં શિકાયત ન કભી લબ તલક આઈ**
**સો શુક્ર કિયે નાને જવીં એક જો ખાઈ**

**થી આસિયાકા ફખ્ર યદુલ્લાહકી જાઈ**
**ફિઝ્ઝાકીજગહકરતીથીખુદઆસિયાસાઈ**

**જો પાસ હુવા સર્ફ કિયા રાહે ખુદામેં**
**ઝહરાકી તરફ હોતે થે પૈવંદે રિદામેં**

(ફાકાઓમાં કદી હોઠો ઉપર ફરિયાદ સુધ્ધાં કદી આવી નથી. જો જવની એક જ રોટલી ખાઈ લીધી હોય તો પણ અલ્લાહનો એકસો વખત શુક્ર અદા કરી દેતાં. અલ્લાહના શેરની એ બેટી જનાબે આસિયા બિન્તે મઝાહિમ ઉપર ફખ્ર ધરાવતી હતી. જનાબે ફિઝ્ઝાની જગ્યાએ રહીને પોતે જ ખિદમત કર્યે જતાં હતાં. તેમની પાસે જે કંઈ હતું તે બધું રાહે ખુદામાં ખર્ચી નાખ્યું. મા ફાતેમા ઝહરા (અ.)ની માફક તેમની ચાદરમાં પણ થીગડાં લાગેલાં હતાં.)


## રેક્ટર જોઈએ છે.

મશાયખી (બોયઝ) હોસ્ટેલ, અમદાવાદ માટે ચાલુ સાલના બીજા સત્રથી (દિવાળી પછી) જોડાઈ શકે તેવા એસ.એસ.સી. કે તેથી વધુ અભ્યાસ ધરાવતા, ઉંમર ૪૫ વર્ષની આસપાસ, ઉત્સાહી તેમજ ઈમાનદાર મોમિન ભાઈ જોઈએ છે. અનુભવીને પ્રથમ પસંદગી. પગાર ઉપરાંત રહેવાની–જમવાની વ્યવસ્થા આપવામાં આવશે.

::::: સંપર્ક :::::

જનાબ એ. ડી. મોમિન પ્રમુખ, AVM – ૯૪૨૭૩૩૦૪૨૯ આર. આર. પટાવટ – ૯૪૨૬૬ ૭૭૫૦૦




## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**માણસની અંદર જ્યાં સુધી જરાક જેટલી પણ રૂહ બાકી હોય તો તે પોતાના માલનો વધારે હકદાર છે.**

જેની રિવાયત સફ્વાને મરાજિમથી કરી છે, એક એવા માણસના સંબંધમાં કે જે પોતાની બીમારીની હાલતમાં કોઈને કંઈક આપી દે છે. આપ (અ.)એ ફરમાવ્યું, અગર તે વસ્તુ પોતાનાથી અલગ કરી દે છે તો પછી જાઇઝ છે અને અગર વસિયત કરે છે તો એક તૃત્યાંશની અંદરથી. (૫૪૬૭)

પરંતુ અલી બિન અસ્બાતની હદીસ કે જે સઅલ્બીથી છે અને તેમણે અબુલ હસન અમ્ર બિન શદ્દાદ અઝદીથી, તેમણે અમ્માર બિન મૂસાથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે કોઈ પણ માણસ પોતાના માલનો વધારે હકદાર છે જ્યાં સુધી કે તેની અંદર રૂહ હોય. અગર તે પોતાના કુલ માલ માટે વસિયત કરે તો તેના માટે જાઇઝ છે. તો આનાથી આપ (અ.)ની મુરાદ એ છે કે જ્યારે તેનો કોઈ વારિસ હોય, ભલે ને તે નિકટનો હોય કે દૂરનો હોય, તેણે એક તૃત્યાંશ કરતાં વધારેની વસિયત કરવી જાઇઝ નથી. અગર તેણે એક તૃત્યાંશ કરતાંથી વધારે વસિયત કરી તો તે એક તૃત્યાંશ તરફ પાછી આપી દેવામાં આવશે અને આનું સમર્થન નીચેની હદીસથી થાય છે. (૫૪૬૮)

જેની રિવાયત ઈસ્માઈલ બિન અબી સકૂનીએ કરી છે, હઝરત ઈમામ જાફર બિન મોહંમદ (અ.) થી અને તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.)થી કે આપ (અ.)થી એક વખત એક એવા માણસની બાબતમાં પૂછવામાં આવ્યું કે જે મરી રહ્યો છે અને તેનો ન તો કોઈ વારિસ છે કે કોઈ ખાનદાન છે. આપ (અ.)એ ફરમાવ્યું કે તે પોતાના માલ માટે જેને ઈચ્છે તેને વસિયત કરે, મુસલમાનોમાંથી, મસાકીનમાંથી અને વબ્નસ્સબીલમાંથી.

અને આ હદીસ મુફસ્સિર છે અને મુફસ્સિર મુજમ્મલની સ્પષ્ટતા કરે છે. (૫૪૬૯)

**જે માણસ ઈરાદાપૂર્વક આત્મહત્યા કરે તેની વસિયત.**

હસન બિન મહબૂબે અબી વલ્લાદથી રિવાયત કરી છે, તેનું બયાન છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને ફરમાવતા સાંભળ્યા છે. આપ (અ.) ફરમાવતા હતા કે જે માણસ ઈરાદાપૂર્વક આત્મહત્યા કરે તે જહન્નમની આગમાં હશે અને તેમાં હંમેશાં રહેશે. તો આપ (અ.)થી અરજ કરવામાં આવી કે આપ (અ.)ની શું રાય છે, અગર તે કોઈ વસિયત કર્યા પછી ઈરાદાપૂર્વક એ જ વખતે આત્મહત્યા કરી નાખે તો શું તેની વસિયત ચાલુ રાખવામાં આવશે? આપ (અ.)એ ફરમાવ્યું, અગર તેણે વસિયત કરી હતી એ પહેલાં કે તેના દિલમાં આત્મહત્યા કરવા માટે પોતાને ઝખમી કરવા અથવા કોઈ કામ કરવાનો વિચાર પેદા થયો હોય તો તેની વસિયત એક તૃત્યાંશ માલમાં ચાલુ રાખવામાં આવશે અને જે તેણે ખુદને ઝખમી કરવા અથવા કોઈ અન્ય કામ કરવા પછી વસિયત કરી હોય કે કદાચ તે મરી જાય તો તેની વસિયત ચાલુ રાખવામાં નહીં આવે. (૫૪૭૦)

**બે માણસોને વસિયત કરવામાં આવે છે અને એ બન્નેમાંથી દરેક તર્કામાંથી (છોડી ગયેલ માલમાંથી) અડધો લઈને જુદો થઈ જાય છે.**

મોહંમદ બિન હસન સફ્ફાર (રઝી.અ.)એ હઝરત ઈમામ અબૂ મોહંમદ હસન બિન અલી (અ.)ને અરજપત્ર લખીને પૂછયું કે એક માણસે બે આદમીઓને વસિયત કરી. હવે એ બન્નેમાંથી કોઈ એકને પણ જાઈઝ છે કે અડધો તર્કો લઈને અલગ થઈ જાય અને બીજો પણ અડધો તર્કો લઈને અલગ થઈ જાય ? તો જવાબમાં ઈમામ (અ.) તરફથી લખાણ આવ્યું કે એ બન્નેના માટે એ જાઈઝ નથી કે મરનારનો વિરોધ કરે (બલ્કે) તે બન્ને એ હુકમ પ્રમાણે અમલ કરે કે જે તેમને આપવામાં આવ્યો છે, ઈન્શાઅલ્લાહ.

અને આંજનાબ (અ.)નું આ લખાણ ખુદ આપના હાથે લખેલું મારી પાસે મોજૂદ છે.(૫૪૭૧)

અને મોહંમદ બિન યાકૂબ કુલૈની (રહે.અ.) ની કિતાબમાં અહમદ બિન મોહંમદથી, તેમને અલી બિન હસન મીસમીથી, તેમને પોતાના બન્ને ભાઈઓ મોહંમદ અને અહમદથી, એ બન્નેએ પોતાના બાપથી, તેમને દાવૂદ બિન અલી યઝીદથી, તેમણે બુરીદ બિન મોઆવિયાથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક માણસ મરી ગયો અને બે માણસોને વસિયત કરી ગયો તો એ બન્નેમાંથી એકે પોતાના સાથીદારને કહ્યું કે તેના તર્કામાંથી અડધો તમે લઈ લો અને અડધો મને આપી દો. તો તેણે તેનો ઈન્કાર કર્યો. તો એ લોકોએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછયું તો આપ (અ.)એ ફરમાવ્યું, તેના માટે એ જાઈઝ છે. (૫૪૭૨)

*"ઇમાનની દૃષ્ટિએ સૌથી કામિલ મોમિન એ છે કે જે સૌથી સારા અખ્લાકવાળો હોય"*

*–ઇમામ અલી રઝા (અ.)*

આ કિતાબના મુસન્નિફ (અ.ર.) ફરમાવે છે કે હું આ હદીસની રોશનીમાં ફતવો નથી આપતો પરંતુ આ લખાણની રોશનીમાં ફતવો આપું છું કે જે હઝરત ઈમામ હસન બિન અલી અસ્કરી (અ.)ના હાથથી લખેલી મારી પાસે મોજૂદ છે. અગર આ બન્ને સહીદ હોય તો બીજા માણસના કોલ પ્રમાણે લેવો દુરસ્ત છે જેવું કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ એનો હુકમ કર્યો છે અને એનું કારણ એ છે કે રિવાયાતની કેટલાંય કારણો અને ભાવાર્થ હોય છે અને દરેક ઈમામ પોતાના જમાનાથી. અને તેના અહકામથી વધારે વાકેફ હોય છે. નિસ્બત બીજા લોકોની અને તોફીક અલ્લાહ તરફથી જ છે.

## શબ્દ પરિચય

### બુઝુર્ગ

**બુઝુર્ગ :** (بزرگ) બુઝુર્ગ શબ્દ ફારસી ભાષાનો છે. તેના અર્થ આ મુજબ થાય છે : (૧) શ્રેષ્ઠ (૨) પ્રતિષ્ઠિત, વડીલ (૩) વયોવૃધ્ધ (૪) પૂર્વજ, બાપદાદા (૫) મહાત્મા, પુણ્યાત્મા, અલ્લાહ સુધી પહોંચેલ (૬) ધૂર્ત (૭) તોફાની **બુઝુર્ગઝાદા –** પ્રતિષ્ઠિત વ્યક્તિનો છોકરો **બુઝુર્ગવાર –** પૂજ્ય, માન્ય, (પોતાના વડીલોને સંબોધીને પત્રમાં લખાય છે) **બુઝુર્ગસાલ –** મોટી ઉંમરવાળુ, વયોવૃધ્ધ **બુઝુર્ગે કૌમ –** કોમની પ્રતિષ્ઠિત વ્યક્તિ **બુઝુર્ગે ખાનદાન –** વંશ કે કુળની પ્રતિષ્ઠિત વ્યક્તિ **બુઝુર્ગાના –** બુઝુર્ગોની જેમ, મહાન વ્યક્તિઓની માફક, બુઝુર્ગોને લાયક **બુઝુર્ગી –** મહત્તા, પ્રતિષ્ઠા, ઈજ્જત, સન્માન, વડીલપણું.

# નન્હે રોઝેદાર હિજરી સન ૧૪૩૪


ઝરીનાફાતેમા નજરઅલી મોમિન
માતા : સાકેરાબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧


એહસાનઅલી અલીહુસૈન
માતા : ઝરીનાબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧


નઈમાફાતેમા અસગરઅલી સુણસરા
માતા : હુસૈનાબાનુ (બારોડીયાકંપા)
ઉં.વ. ૪.૪. રોઝા : ૬


સાબેરાફાતેમા માસૂમઅલી
માતા : નજમાબાનુ (વાઘરોલ)
ઉં.વ. ૫ રોઝા : ૧૦


મોહંમદઅલી શબ્બીરઅલી ભટ્ટા
માતા : સુગરાબેન (ઈલોલ પ.)
ઉં.વ. ૫ રોઝા : ૫


મૈસમઅલી અકબરઅલી મસુ
માતા : અનીસાબાનુ (મહેરપુરા)
ઉં.વ. ૫.૬ રોઝા : ૨


અકીલાફાતેમા નજરઅલી ખરોડીયા
માતા : સાકેરાબાનુ (જેઠીપુરા)
ઉં.વ. ૬ રોઝા : ૨૯


રહેમાનઅલી નજરઅલી ગાંધી
માતા : શહરબાનુ (મુશાહિદપુરા કંપા)
ઉં.વ. ૬ રોઝા : ૬


ફરીદાફાતેમા મોહંમદહુસૈન સુથાર
(દશાવાડા–ખાટાઆંબા)
ઉં.વ. ૬ રોઝા : ૪


શેરઅલી હસનઅલી સુથાર
(દશાવાડા–ખાટાઆંબા)
ઉં.વ. ૭ રોઝા : ૨


હસનઅબ્બાસ મહંમદઅલી
માતા : હમેદાબાનુ (વાઘરોલ)
ઉં.વ. ૮ રોઝા : ૨૯


આબેદાફાતેમા મહંમદહુસૈન સુથાર
(દશાવાડા–ખાટાઆંબા)
ઉં.વ. ૮ રોઝા : ૨૮


ફઝલફાતેમા હસનઅલી વિજાપુરા
માતા : રૂકૈયાબાનુ (જેઠીપુરા)
ઉં.વ. ૮ રોઝા : ૨૭


સાજીદઅલી આબિદઅલી
માતા : મકસૂદાબાનુ (વાઘરોલ)
ઉં.વ. ૮ રોઝા : ૧૬


ઈમદાદહુસૈન અકબરઅલી સાવદી
માતા : નજમાબેન (ઈલોલ ત.)
ઉં.વ. ૮ રોઝા : ૧૦


મોહંમદહુસૈન હૈદરઅલી આંબલીયાસણા
માતા : ફરીદાબાનુ (વાઘરોલ)
ઉં.વ. ૯ રોઝા : ૨૯


મોહંમદઅલી હબીબભાઈ શેરૂ
માતા : મહેમૂદાબેન (પઠાણવાડી)
ઉં.વ. ૯ રોઝા : ૧૧


જાફરઅલી અબ્બાસઅલી માવા
માતા : મહેરબાનુ (કેસરપુરા)
ઉં.વ. ૯ રોઝા : ૫


મોહસિનઅલી રફીકઅલી સેલીયા
(દશાવાડા)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૯


હમેદાફાતેમા મોહંમદહુસૈન સુથાર
(દશાવાડા–ખાટાઆંબા)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯

**ગતાંકનો સુધારો** : પેજ નં. ૩૨, કોલમ–૨, લાઈન–૯ "મારા માસીના બેટાઓ'ની જગ્યાએ "મારા માસીયાઈ ભાઈઓ" સુધારીને વાંચવું.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ઓક્ટોબર–૨૦૧૩ થી તા. ૧૫, માહે નવેમ્બર–૨૦૧૩ મુ.તા. ૧૦, ઝિલ્હજ–૧૪૩૪ થી મુ.તા. ૧૦, મોહર્રમ–૧૪૩૫ |
|---|---|---|---|
| **ઓક્ટો.** | ઝિલ્હજ | – | |
| 16 | ૧૦ | બુધ | **બકરી ઈદ * ઈદુઝઝોહા** |
| 18 | ૧૨ | શુક્ર | **ઉર્સ : પીર સૈયદ ગુલામઅલી બાવા (રહે.અ.)** * ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે.) |
| 22 | ૧૬ | મંગળ | વફાત : જનાબે ઝયનબ (અ.) |
| 23 | ૧૭ | બુધ | **ઉર્સ : પીર સૈયદ હાશમઅલી બાવા (રહે.અ.), ધોળકા** |
| 24 | ૧૮ | ગુરુ | **ઈદે ગદીર** |
| 27 | ૨૧ | રવિ | **વિલાદત : પીર સૈયદ અલી સલામુદ્દીન (રહે.અ.)** |
| 29 | ૨૩ | મંગળ | શહાદત : તિફ્લાને મુસ્લિમ બિન અકીલ (અ.) |
| 30 | ૨૪ | બુધ | **ઈદે મુબાહિલા * હઝરત અલી (અ.)એ હાલતે રુકૂઅમાં સાઈલને વીંટી આપી.** |
| 31 | ૨૫ | ગુરુ | **સરદાર જયંતિ** |
| **નવે.**3 | ૨૮ | રવિ | **દિવાળી** |
| 4 | ૨૯ | સોમ | **હિંદુ નૂતન વર્ષ** * વીંછુડો બેસે : બપોરે ૩–૫૦ |
| 5 | ૩૦ | મંગળ | **ભાઈબીજ** * વીંછુડો |
| 6 | **મોહર્રમ-૧** | બુધ | માહે અઝા શરૂ * હિજરી સન ૧૪૩૫નો પ્રારંભ * વીંછુડો ઉતરે : સાંજે ૫–૩૦ |
| 7 | ૨ | ગુરુ | ઈમામ હુસૈન (અ.)નું કરબલામાં આગમન |
| 8 | ૩ | શુક્ર | હઝરત યૂસુફ (અ.)ને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા. |
| 9 | ૪ | શનિ | હઝરત મૂસા (અ.)એ નીલ નદી પાર કરી. |
| 11 | ૬ | સોમ | **વિલાદત : પીર સૈયદ એહમદહુસૈન બાવા (રહે.અ.)** |
| 12 | ૭ | મંગળ | હ. અબ્બાસ અલમદાર (અ.)ના અલમ મુબારક * હ. મૂસાએ કોહેતૂર પર વાતો કરી. |
| 13 | ૮ | બુધ | જનાબે કાસિમ બિન હસન મુજતબા (અ.)ના અલમ મુબારક |
| 14 | ૯ | ગુરુ | શબે આશૂર * કતલની રાત |
| 15 | ૧૦ | શુક્ર | **તાજિયા** * ઈમામ હુસૈન (અ.)ની શહાદત * યૌમે આશૂરા * શામે ગરીબાં |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)


(૧) 'શઅ્બે અબૂ તાલિબ'માં હઝરત અબૂ તાલિબ (અ.) કેટલાં વર્ષ સુધી રહ્યા હતા ? (૨) મોમિનના શરીરને હરામથી પોષણ મળેલું હોય તો તે કઈ ઈબાદતથી ઓગળી જાય છે ? (૩) "સવાલ કરી લો મને અર્શના આગળથી પણ, હું તેનો જવાબ આપીશ." આ શબ્દો કોના છે ? (૪) 'શઅ્બે અબૂ તાલિબ'માં બની હાશિમના બાળકો શું ઉકાળીને ખાતાં હતાં ? (૫) ઈમાનની દૃષ્ટિએ સૌથી કામિલ મોમિન કોણ છે? (૬) કયું પક્ષી બાળકોને રમવા ન આપવું જોઈએ ? (૭) ઈબાદતના ૭૦ પ્રકાર છે તેમાં સર્વશ્રેષ્ઠ પ્રકાર કયો છે? (૮) અલ્લાહના ખજાનાની ચાવી કઈ છે ? (૯) મારી નજરમાં દરરોજ હજાર રકાત નમાઝ પઢવા કરતાં તસ્બીહે ફાતેમા (અ.) વધારે પસંદગીપાત્ર છે? આ શબ્દો કોણે કહ્યા છે ? (૧૦) 'મશાયખવાણી' બયાન નં. ૧૪ નીચેનામાંથી કઈ બાબત પર આધારિત છે ?

(૧) આયતે મોવદ્દત (૨) હદીસે સફીના (૩) આયતે તત્હીર (૪) હદીસે સકલૈન

# આપણા ઘરની વાતો


● **સરખેજ મુકામે HIATP બેચ–૩ના મોલ્વી સાહબો દ્વારા યોજાયેલ હલ્કાનો કાર્યક્રમ :**

શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત સરખેજ દ્વારા HIATP બેચ-૩ના મોલ્વી સાહેબના હલ્કાનું આયોજન તા. ૧૪–૧૫/૯/૧૩ને શનિ-રવિવારના રોજ મદ્રેસ એ મહેરુલ ઉલૂમ, સરખેજમાં નામદાર મુજાહિદહુસૈન બાવા સાહેબની પરવાનગી લઈને કરવામાં આવ્યું હતું, જેમાં મકતબા જાફરીયામાંથી મોલ્વી સાહેબની સંપૂર્ણ ટીમ આવી હતી. શનિવારે સાંજના હલ્કામાં તૌહીદ વિષેની ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ રાત્રે ઈલ્મના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી અને મુશાયરાનો પણ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જે મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની શાનમાં હતો. ત્યાર બાદ રવિવારે સવારે ૧૦–૦૦ વાગ્યે ફરીથી હલ્કાનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો વિષય હલાલ-હરામની હતો. આ પ્રોગ્રામમાં મોમિન ભાઈઓ તેમજ બહેનોએ હોંશભેર ભાગ લીધો હતો અને દીની ઈલ્મ મેળવવાની કોશિશ કરી હતી. આ પ્રોગ્રામમાં HIATP બેચ-૩ના મોલ્વી સાહેબોએ પાયારૂપી દીની શિક્ષણની જે જરૂર હતી તે આપવાની તેમણે પૂરી કોશિશ કરી હતી. આ દરેક વિષયમાં જાણ્યું ન હોય તેવું ઘણું જાણવા મળ્યું હતું અને આ પ્રોગ્રામનો દરેકે લ્હાવો લીધો હતો. આમ આ રીતે સરખેજ મોમિન જમાઅતને એક અનેરો નવીન મોકો મળ્યો હતો.




● **ઇન્નાલિલ્લાહે..:**

ઝહીરપુરા (દેશોત્તર) નિવાસી **મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ નૂરાભાઈ આગલોડીયા** મુ.તા.૨૦, શવ્વાલ–૧૪૩૪, તા.૨૮–૮–૨૦૧૩ને બુધવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ કિશોરગઢ નિવાસી **મર્હૂમ મો.હાજી દાવૂદભાઈ નૂરભાઈ ગોદડ** ૮, શવ્વાલ–૧૪૩૪, તા.૧૬–૮–૨૦૧૩ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

મોલીપુર નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ સાવદીભાઈ ચંપા** મુ.તા. ૧૨, શવ્વાલ–૧૪૩૪, તા.૨૦–૮–૨૦૧૩ને મંગળવારના રોજ ૭૨ વર્ષની ઉંમરે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ મોહર્રમ માસમાં અઝાદારી અને નૌહાખ્વાનીમાં અગ્રેસર રહેતા હતા. ⟶






⟵ સેદ્રાણા નિવાસી **મર્હૂમા મો.ફાતેમાબેન શૌકતઅલી ચારોલીયા** મુ.તા. ૬, શવ્વાલ–૧૪૩૩, તા.૧૪–૮–૨૦૧૩ને બુધવારના રોજ આશરે ૪૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, આશિકે હુસૈન (અ.) અને મોહંમદ વ આલે મોહંમદ (અ.)નાં ચાહક હતાં.



શેખપુર (ખેરાલુ) નિવાસી **મર્હૂમા મો.ઉરીબેન અલાદભાઈ પટેલ** મુ.તા. ૧, રમઝાન–૧૪૩૪, તા.૧૧–૭–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶



⟵કઠોર નિવાસી **મર્હૂમા મો. હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈન કમાલભાઈ** મુ.તા. ૨૭, રમઝાન–૧૪૩૩, તા.૬–૮–૨૦૧૩ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમ સ્વભાવે મૃદુ અને સેવાભાવી હતાં. તેઓ એક વાર હજ અને બે વાર ચહારદા માઅસૂમીન (અ.)ની ઝિયારતથી મુશર્રફ થયાં હતાં. તેઓ ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા કારભારી મોલ્વી સાહેબ હાજી ગુલામહુસૈન કમાલભાઈ કઠોરવાલાનાં મહોરદાર હતાં.




મેતા નિવાસી **મર્હૂમા મો.સકીનાબેન હબીબ નશીર અસામદી** મુ.તા. ૨૩, રજબ–૧૪૩૪, તા.૩–૬–૨૦૧૩ને સોમવારના રોજ લાંબી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે હસમુખા અને મિલનસાર હતાં.⟶




⟵ખડીયાસણા નિવાસી **મર્હૂમા મો.મરયમબેન યૂસુફઅલી કડીવાલા** મુ.તા. ૪, ઝિલ્કાદ–૧૪૩૪, તા.૧૧–૯–૨૦૧૩ને બુધવારના રોજ ૫૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરાને તરીકતનાં ચાહક હતાં.



ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમા મો.સકીનાબેન અલજીભાઈ લોઢા** મુ.તા. ૧૫, શવ્વાલ–૧૪૩૪, તા.૨૩–૮–૨૦૧૩ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶



⟵સુરપુર નિવાસી **મો.હાસમભાઈ ગુલામભાઈ ભોવણીયા** મુ.તા.૬, ઝિલકાદ, તા.૧૩–૯–૨૦૧૩ને શુક્રવારના રોજ ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા, મિલનસાર, શાંત અને નિખાલસ હતા અને પાંચ ટાઈમની નમાઝના પાબંદ હતા. તેઓ અઝાન પોકારવાના શોખીન હતા. તેઓ આશિકે અહલેબૈત (અ.) અને પીરાને તરીકતના ચાહક હતા. મર્હૂમ કબ્રસ્તાનમાં આવેલ બાલાપીર બાવાની દરગાહ અને બગીચાની દેખરેખ રાખતા હતા. જ્યારે ગામમાં ન્યાઝનો જમણવાર હોય ત્યારે તેઓ પાણીની વ્યવસ્થા કરતા હતા. ગામવાસીઓ તેમને ‘ભગત’ના હુલામણા નામથી બોલાવતા હતા.



⟵કિશોગઢ નિવાસી **મર્હૂમ મો.નુરભાઈ કમાલભાઈ ખણુશીયા** મુ.તા. ૧૦, શવ્વાલ–૧૪૩૩, તા.૧૮–૮–૨૦૧૩ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરાને તરીકતના ચાહક હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી હબીબભાઈ શેરૂ (પઠાણવાડી) તરફથી

રૂા.૧૦૦/- મો.અલીરઝા મુસ્તાકઅલી મોમિન તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ હાજી દાવૂદભાઈ હાજી નૂરભાઈ ગોદડની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.કાઝિમઅલી દાવૂદભાઈ હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી તેમના પૌત્ર મોહંમદઅકબરના જન્મની ખુશાલી પ્રસંગે તથા મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને કરબલાના પાક શહીદોની અરવાહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન કાઝિમઅલી હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.) તથા જાફરી ઘરાનાની તમામ પાક અરવાહોના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ઝાકિરહુસૈન આબિદઅલી ગઘેડીયા (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મો.રહીમબેન વલીભાઈ દાંત્રેલીયા (ઈલોલ ત.) તરફથી ઈદુલ ફિત્રના દિવસે તેમના પૌત્રના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ ઈબ્રાહીમભાઈ નૂરાભાઈ આગલોડીયા (ઝહીરપુરા–દેશોત્તર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.

**મર્હૂમ મો.રહીમભાઈ સાવદીભાઈ ચંપા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.કુલસુમબેન રહીમભાઈ ચંપા

રૂા.૧૦૦/- મો.ઈમદાદઅલી રહીમભાઈ ચંપા

રૂા.૫૦/- મો.શાકેરાબેન ઈમદાદઅલી ચંપા

રૂા.૨૫/- મો.શાહિદઅલી ઈમદાદઅલી ચંપા

રૂા.૧૦૦/- મો.એહસાનઅલી રહીમભાઈ ચંપા

રૂા.૫૦/- મો.સકીનાફાતેમા એહસાનઅલી ચંપા

રૂા.૨૫/- મો.રહીમાફાતેમા એહસાનઅલી ચંપા

રૂા.૧૦૦/- મો.રસૂલભાઈ સાવદીભાઈ ચંપાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.સલમાનઅલી વલીભાઈ ચંપાના પરિવારજનો તરફથી

રૂા.૫૦/- મો.શબ્બીરઅલી શરીફભાઈ ચંપાના પરિવારજનો તરફથી

રૂા.૫૦/- મો.ગુલામભાઈ જલાલભાઈ ચંપાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.મુમદભાઈ જલાલભાઈ ચંપાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.ફાતમાબેન કમરઅલી માણસીયાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન અલીરઝા માઠાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.તાહેરાબેન મકબૂલભાઈ બળ્યાના પરિવારજને તરફથી

રૂા.૧૦૦/- મો.આબેદાબેન ઈબ્રાહીમભાઈ પટેલના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.સુગરાબેન મોહંમદઅલી બળ્યાના પરિવારજનો તરફથી

રૂા.૧૦૦/- મો.નજમાબેન નજરઅલી પનીયાના પરિવારજનો તરફથી

રૂા.૫૦/- મો.કુબરાબેન ગુલામભાઈ માઠાના પરિવારજનો તરફથી

રૂા.૫૦/- મો.આબેદાબેન ગુલામભાઈ ડબુના પરિવારજનો તરફથી

રૂા.૫૦/- મો.અમીનાબેન રહીમભાઈ શેખપુરીયાના પરિવારજનો તરફથી

રૂા.૫૦/- મો.અઝમતબેન આબિદઅલી ચંપા તરફથી મર્હૂમ સાવદીભાઈ ચંપાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા ફાતેમાબેન શૌકતઅલી ચારોલીયા (સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મો.મર્હૂમા ઉરીબેન અલાદભાઈ પટેલ (શેખપુર–ખે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

**મર્હૂમ હાજી મોલ્વી ગુલામહુસૈન કમાલભાઈ તથા હાજીયાણી ખતીજા હાજી મોલ્વી ગુલામહુસૈન કમાલભાઈ (કઠોર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવાર તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૧/- મો.સલમાન હાજી ગુલામહુસૈન અને પરિવારજનો

રૂા.૫૦૧/- મો.હાજી ઈમ્તિયાઝઅલી હાજી ગુલામહુસૈન અને પરિવારજનો

રૂા.૫૦૧/- મો.હાજી ગુલામઅબ્બાસ હાજી ગુલામહુસૈન અને પરિવારજનો

રૂા.૫૫૦/- મો.મયસમઅલી અલીમોહંમદ અને પરિવારજનો

રૂા.૨૦૩/- મો.તાહેરા ગુલામઅલી અમદાવાદવાલા અને પરિવારજનો

રૂા.૩૫૫/- મો.હાજી અનવરહુસેન એસ. અને પરિવારજનો

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈન (કઠોર)ની રૂહના સવાબ અર્થે હાજી ઈમ્તિયાઝઅલી હાજી ગુલામહુસૈન અને પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

**મર્હૂમા મો.સકીનાબેન હબીબ નશીર અસામદી (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.હબીબ નશીર અસામદીના પરિવાર તરફથી

રૂા.૧૦૦/- મો.સાબેરાબેન હાસિમઅલી શેલીયા

રૂા.૧૫૦/- મો.ઈસ્માઈલ નશીર અસામદીના પરિવાર તરફથી

રૂા.૧૫૦/- મો.અનવરઅલી યૂસુફ અસામદીના પરિવાર તરફથી

રૂા.૫૧/- મો.ગુલામ દાવૂદ અસામદીના પરિવાર તરફથી

રૂા.૫૧/- મો.સકીનાબેન હબીબ દાવૂદ અસામદી

રૂા.૧૫૦/- મો.શરીફ નશીર અસામદી

રૂા.૧૦૦૦/- મો.નજમુલહસન મોહંમદઅલી લોટી તથા સાજેદાબાનુ નજમુલહસન લોટી (ધોળકા) તરફથી તેઓ હજ્જે બયતુલ્લાહ માટે ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો.યૂસુફભાઈ ઈબ્રાહીમભાઈ કડીવાલા (ખડીયાસણા)ના કુટુંબીજનો તરફથી મર્હૂમા મરયમબેન યૂસુફઅલી કડીવાલાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન (વસો) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.કરિશ્માબાનુ હસનઅબ્બાસ મોમિન (વસો) તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા અને જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.સકીનાબેન અલજીભાઈ લોઢા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.અલજીભાઈ ગુલામભાઈ લોઢા

રૂા.૧૦૦/- મો.અનવરઅલી અલજીભાઈ લોઢા

રૂા.૧૦૦/- મો.નજમાબેન અનવરઅલી લોઢા

રૂા.૫૦/- મો.અકબરઅલી અનવરઅલી લોઢા

રૂા.૫૦/- મો.સાજીદઅલી અનવરઅલી લોઢા

રૂા.૧૦૦/- મો.હૈદરઅલી શરીફભાઈ કોવડીયા

રૂા.૧૦૦/- મો.તાહેરાબેન હૈદરઅલી કોવડીયા

રૂા.૫૦/- મો.રહેમતફાતમા હૈદરઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.અઝમતફાતેમા હૈદરઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.મોહંમદહુસૈન હૈદરઅલી કોવડીયા

રૂા.૫૦૦/- મો.મર્હૂમ હાસમભાઈ ગુલામભાઈ ભોવણીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૫૩૦/- મો.ઈસ્માઈલભાઈ જીવાભાઈ આંબલીયાસણા (વાઘરોલ) તરફથી તેમના પૌત્ર સાજીદઅલીએ માહે રમઝાનુલ મુબારકના ૧૬ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે

રૂા.૧૦૦/- મો.માસૂમઅલી રાજેમદભાઈ કડીવાલા (વાઘરોલ) તરફથી તેમની દીકરી સાબેરાફાતેમાએ માહે રમઝાનુલ મુબારકના ૧૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મહંમદઅલી હૈદરઅલી આંબલીયાસણા (વાઘરોલ) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ઝરીનાફાતેમા નજરઅલી મોમિન (કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.નૂરભાઈ કમાલભાઈ ખાણશીયા (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.કમરઅલી નૂરભાઈ ખાણશીયા
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી નૂરભાઈ ખાણશીયા
રૂા.૨૦૦/- મો.હૈદરઅલી નૂરભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.હસનઅલી જમાલભાઈ ખાણશીયા
રૂા.૫૦/- મો.વજીરભાઈ ગુલામભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.મોહસિનઅલી કમરઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.એહસાનઅલી કમરઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.નજરઅલી નુરભાઈ કોવડીયા
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ નશીરભાઈ ખાણશીયા
રૂા.૨૦૦/- મો.આબેદાબેન મુસ્તાકઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ ઈસબભાઈ ખાણશીયા


Momin & Co.
Chartered Accountants

**Hasan Abbas G. Momin**
Chartered Accountant Cell : 9898604327
**Petlad**
**Mohmadali I. Momin**
M.Com., L.L.B. Cell : 9904238532
**Padgol**

**આણંદ, ખેડા, નડીયાદ તથા વડોદરાના હોટલ માલિકો, વેપારી મિત્રો તથા અન્ય મોમિન મિત્રો જોગ.**

બદલાતા સમયમાં ટેકનોલોજી બદલાતી જાય છે અને કાયદાના પાલનમાં પણ ટેકનોલોજીનો ઉપયોગ તથા વ્યાપ વધતો જાય છે. આપને બદલાતી ટેકનોલોજી સાથે સેવા આપવા માટે અમારી વિદ્યાનગર ઓફિસ નીચેની સેવાઓ તથા માર્ગદર્શન આપવા તત્પર છે.

(૧) કાયદાકીય રજીસ્ટ્રેશન જેવા કે (PAN Card, TDS No., VAT (Sales Tax), Service Tax No., Export/Import License), વગેરે.
(૨) વ્યક્તિગત, ભાગીદારી પેઢી, ટ્રસ્ટ, વકફ, કો–ઓપ. સોસાયટી તથા કંપની નિર્માણ (ફોર્મેશન)ને લગતી તમામ સેવાઓ જેવી કે ભાગીદારી રજીસ્ટ્રેશન તથા ડીડ, ટ્રસ્ટ ડીડ, કંપની દસ્તાવેજ–ઓનલાઈન, પાવર ઓફ એટર્ની, વગેરે.
(૩) કોમ્પ્યૂટરાઈઝ્ડ એકાઉન્ટીંગ, ઓડિટ, ઈન્કમટેક્ષ રીટર્ન, વેટ રીટર્ન, સર્વિસ ટેક્ષ રીટર્ન, ઈ–ટી.ડી.એસ. રીટર્ન એકસાઈઝ રીટર્ન, વેલ્થ ટેક્ષ રીટર્ન.
(૪) ઈન્કમટેક્ષ, વેટ, સર્વિસટેક્ષ, એકસાઈઝના કાયદા હેઠળ આકારણી પ્રક્રિયાઓ જેવી કે એસેસમેન્ટ, અપીલ, સર્વે, સર્ચ, રેડ વિગેરેની સુનાવણી તથા માર્ગદર્શન.
(૫) બેંક તથા અન્ય સંસ્થામાં જરૂરી સી.એ. સર્ટીફીકેટસ.

આપને આ અંગે અન્ય કોઈ માહિતીની જરૂર હોય તો ઉપર દર્શાવેલ નંબર પર સીધો સંપર્ક કરવા અનુરોધ છે.

**ઓફિસ : ૧૦૧, નંદ જશોદા કોમ્પલેક્ષ, ઓફ લાઈન કિરન મોટર્સ, એચ.એમ.પટેલ શોપીંગ સેન્ટરની નજીક, વલ્લભવિદ્યાનગર**